## આજનો સુવિચાર

શરીરમાંથી પ્રાણ જતા માણસ એકવાર મરે છે પરંતુ સંબંધોમાંથી પ્રેમ જતા દરરોજ મરે છે

સ્થાપક તંત્રી : સ્વ. કાર્તિક આર. ઉપાધ્યાય
તંત્રી, મુદ્રક, પ્રકાશક, માલિક : અભિજીત કે. ઉપાધ્યાય

Post Regn. G/JND/23
(VALID up to 31-12-2023)
RNI Regn. No. 27509/67

Ph. : (0285) 2621000/ 2651800
E-mail : saurashtrabhoomi@gmail.com
Website : www.saurashtrabhoomi.com

# સૌરાષ્ટ્ર ભૂમિ

દૈનિક

જૂનાગઢ અને ગાંધીનગરથી પ્રસિધ્ધ થતું ગુજરાત અને સૌરાષ્ટ્ર-કચ્છનું અગ્રીમ અખબાર

વર્ષ : ૪૭ અંક : ૧૬૧ જૂનાગઢ તા.૨૪-૬-૨૦૨૩ શનિવાર પાના : ૮ કિંમત ૧-૫૦ રૂા. ● પ્રકાશન સ્થાન : સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક કાર્યાલય, જેઈલ રોડ, જૂનાગઢ. ગુજરાત ● મુદ્રણ સ્થાન : સોમનાથ પ્રિન્ટર્સ, જેઈલ રોડ, જૂનાગઢ, ગુજરાત (ઈન્ડીયા)

Saurashtra Bhoomi (Daily) Year : 47 Volume : 161, Junagadh : Date : 24 Jun, 2023, Saturday, Pages 8 Price Rs.1.50 • Published from Saurashtra Bhoomi Karyalaya, Jail Road, Junagadh, GUJARAT, India. • Printed at : Somnath Printers, Jail Road, Junagadh, Gujarat, India. Editor Abhijeet K. Upadhyay


# રશિયામાં ખાનગી સૈન્યએ બળવો કર્યો : મોસ્કોમાં હાઈએલર્ટ

મોસ્કો તા. ૨૪

રશિયાએઆજે વેગનર ગ્રૂપના વડા યેવજેની પ્રિગોગીન પર બળવાના પ્રયાસનો આરોપ લગાવ્યો હતો. મોસ્કો હાઈ એલર્ટ પર છે. રાજધાની મોસ્કોમાં સુરક્ષા વધારી દેવામાં આવી છે. પ્રિગોગિને દાવો કર્યો છે કે તેના સૈનિકો રશિયાની સરહદમાં ઘૂસી ગયા છે અને તેમણે રશિયન સેનાના એક હેલિકોપ્ટરને પણ તોડી પાડ્યું છે. ઘટનાક્રમ સંબંધિત તમામ માહીતી રાષ્ટ્રપતિ પુતિનને જણાવવામાં આવી રહી છે.

અલ-જઝીરાનાં જણાવ્યા મુજબ વેગનરે એવો પણ દાવો કર્યો છે કે તેની સેનાએ રોસ્તોવ શહેરમાં અનેક જગ્યાઓપર કબજોકરી લીધો છે. પ્રિગોગીને કહ્યું છે કે જે કોઈ તેના રસ્તામાં આવશે, તેને ખતમ કરી દેવામાં આવશે. રોસ્તોવના મેયરે લોકોને ઘરની અંદર રહેવાની

## ભાડુતી સૈનિકોનાં વેગનાર ગ્રુપે પુતિન સાથે ગદારી કરી : યુક્રેન સરહદે આવેલા રશિયાનાં શહેર ઉપર કબ્જાનો દાવોકર્યો : રૂસી ફાઈટર જેટ તોડી પાડયું

અપીલ કરી છે. મીડિયા રિપોર્ટ્સ અનુસાર, વેગનરની સેનાએ રોસ્તોવશહેરમાં ઘણી જગ્યાઓપર કબજો કરી લીધો છે. રોસ્તોવના મેયરે લોકોને ઘરની અંદર રહેવા વિનંતી કરી છે. ખરેખર, પ્રિગોઝિને યુક્રેનમાંવેગનર તાલીમ શિબિર પર મિસાઈલ હુમલા માટે ક્રેમલિનને દોષી ઠેરવ્યો હતો. આ હુમલામાં વેગનરના ઘણા સૈનિકો માર્યા ગયા હતા. આ પછી રશિયાએ પ્રિગોગીન સામે કાર્યવાહી શરૂ કરી છે.

યુક્રેન યુદ્ધની વચ્ચે રશિયાએ પોતાના જ 'ભાડૂતી સૈનિકો' પર વિદ્રોહના ગંભીર આરોપો લગાવ્યા છે.

રશિયન સેના હાલમાં યુક્રેનની સાથેસાથે પુતિનના કહેવાતા ભાડૂતી સૈનિકોએટલે કે વેગનર ગ્રુપનો પણ સામનો કરી રહી છે. એબીસી ન્યૂઝના અહેવાલમાં, આર્યજનક રીતેવધતી જતી લડાઈમાં, રશિયાએ વેગનર ગ્રુપના વડા યેવજેની પ્રિગોઝિન પર સશસ્ત્ર બળવો બોલાવવાનો આરોપ મૂક્યો છે. પ્રિગોઝિને કહ્યું હતું કે તેના માણસો યુક્રેનથીરશિયામાં પ્રવેશ્યા હતાઅને રશિયન દળો સામે 'કોઈપણ હદ સુધી' જવા માટે તૈયાર હતા.

તાસ સમાચાર એજન્સીએ જણાવ્યું હતું કે વેગનર ગ્રૂપ ગ્રુના વડા પ્રિગોઝિન અને ટોચના રશિયન લશ્કરીઅધિકારીઓ વચ્ચે લાંબા સમયથી ચાલી રહેલ મડાગાંઠ પરાકાષ્ઠાએ પહોંચી હતી. રશિયાની FSB સુરક્ષાસેવાએ નેપ્રીગોઝિન સામે ફોજદારી કેસ ખોલ્યો છે. તેણે વેગનર ગ્રૂપ ગ્રુના ભાડૂતી સૈનિકોને પ્રિગોઝિનના આદેશની અવગણના કરવા અને તેની ધરપકડ કરીને રશિયનસેનાને સોંપવા જણાવ્યું છે. ક્રેમલિને પ્રિગોઝિન પર સશસ્ત્ર બળવો કરવાનો આરોપલગાવ્યાના થોડા સમય પછી આ પગલું આવ્યું. યુક્રેન યુદ્ધમાં વેગનર ગ્રુપગ્રુપનું નામ વારંવાર સામે આવ્યું છે. જે એક ખાનગી લશ્કરી કંપની છે.

## ભાડુતી સૈન્ય વેગનર ગ્રુપનાં વડા વિરુધ્ધ ધરપકડ વોરંટ જારી : પુતીન રાષ્ટ્રને સંબોધન કરશે

મોસ્કો તા. ૨૪

યુક્રેન યુદ્ધમાં ફસાયેલા રશિયન રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિનની મુશ્કેલીઓ વધુ વધવા જઈ રહી છે. વાસ્તવમાં, રશિયાના વેગનર ગ્રુપના વડા યેવજેની પ્રિગોઝિને રશિયન સંરક્ષણ મંત્રાલય સામે બળવો કર્યો છે. તે જ સમયે, પ્રિગોઝિનના વિદ્રોહ પછી, રશિયન સંરક્ષણ મંત્રાલયે પણ ઝડપી પ્રતિક્રિયા આપી છે અને પ્રિગોઝિન વિરુદ્ધ ધરપકડ વોરંટ જાહેર કર્યું છે. પ્રિગોઝિનને સશસ્ત્ર બળવો માટે ૨૦ વર્ષ સુધીની જેલ થઈ શકે છે.

રશિયાની ફેડરલ સિક્યુરિટી સર્વિસ (એફએસબી)ની રાષ્ટ્રીય આતંકવાદ વિરોધી સમિતિએ વેગનર જૂથના વડા પર સશસ્ત્ર બળવાનો આરોપમૂક્યો છે. ફેડરલ સિક્યુરિટી સર્વિસ વેગનરના સૈનિકોને પ્રિગોઝિનના આદેશોનું પાલન કરવાનો ઈનકાર કરવાની અપીલ કરે છે. એફએસબીએ પ્રિગોઝિનના બળવાને રશિયન સૈન્યની પીઠમાં છરાબાજી તરીકે વર્ણવ્યું છે. રાષ્ટ્રપતિ પુતિનને પણ આ અંગે જાણ કરવામાં આવી છે અને તમામ જરૂરી પગલાં લેવામાં આવ્યા છે. દરમ્યાનમાં આ લખાય રહયું છે ત્યારે પ્રાપ્ત અહેવાલ મુજબ રશિયાનાંરાષ્ટ્રપતિ વ્લાદીમર પુતિન આજે કોઈપણસમયે રાષ્ટ્રનેસંબોધન કરશે તેમ જણાવાયું છે.

## વધુ એક ગુજરાતી યુવાનની અમરીકામાં કરપીણ હત્યા

અમદાવાદ તા. ૨૪

વિદેશની ધરતી ગુજરાતીઓ માટે સલામત રહી નથી. છતાં ગુજરાતીઓનો વિદેશ જવાનો મોહ ઘટતો નથી. વિદેશમાં વધુ એક ગુજરાતીને નિર્દતાથી મોતને ઘાટ ઉતાર્યાની ઘટના બની છે. અમેરિકામાં રહેતા અમદાવાદી યુવકનું અપહરણ કરાયુ હતું. જેને છોડાવવા માટે પરિવાર પાસેથી ૧ લાખ યુએસ ડોલર અથવા તેને બદલે ૭૦ કિલો ડ્રગ્સની ખંડણી માંગવામાં આવી હતી. જોકે, યુવકને મુક્ત કરાવાય તે પહેલા જ યુવકને મારીને તેની લાશ નદીમાં ફેંકી દેવાઈ હતી.

પ્રાપ્ત માહિતી અનુસાર, અમદાવાદના મેમનગર વિસ્તારમાં રહેતા હિરેન ગજેરા વર્ષોથી અમેરિકામાં સ્થાયી થયા છે. તેઓએ ૨૦૦૬ થી લઈને ૨૦૧૪ સુધી અમેરિકાના એમ્પાલમ શહેરમાં સાગના લાકડાના એક્સપોર્ટનો બિઝનેસ વિકસાવ્યો હતો. ૪૧ વર્ષીય હિરેન ગજેરાનું થોડા દિવસ પહેલા જ કોલંબિયન ત્રાસવાદીઓ દ્વારા અપહરણ કરાયું હતું. ત્યારબાદ તેમના પરિવાર પાસેથી ૧ લાખ યુએસ ડોલર અથવા તેને બદલે ૭૦ કિલો ડ્રગ્સની ખંડણી માંગવામાં આવી હતી. ગજેરા પરિવાર દીકરાને બદલે આ રૂપિયા આપવા તૈયાર થયો હતો. નેગોશિયેન બાદ ૨૦ હજાર યુએસ ડોલર પર ડીલ થઈ હતી. છતાં ત્રાસવાદીઓએ હિરેનને મારી નાંખ્યો હતો. અને તેની લાશ નદીમાં ફેંકી દીધી હતી.

## અમદાવાદનાં પોશ વિસ્તારોમાં ધ્વનિ પ્રદુષણનું ભયજનક પ્રમાણ

અમદાવાદ તા. ૨૪

ગુજરાતના સૌથી મોટા શહેર અમદાવાદના પોશ વિસ્તારો, જેમ કે નારણપુરા, નવરંગપુરા, પકવાન ચાર રસ્તા, અખબારનગરમાં લોકોનાં સ્વાસ્થ્ય પર જોખમ છે, કારણ કે આ એવા વિસ્તારો છે, જ્યાં સૌથી વધુ ધ્વનિ પ્રદૂષણનું પ્રમાણ નોંધાયું છે. આ તમામ વિસ્તારોમાં ૮૫ ડેસિબલ ધ્વનિનું પ્રમાણ નોંધાયું છે, એટલે કે ૮૦ ડેસિબલથી પ્રમાણ વધુ જાય એટલે માણસ માટે જોખમી બને છે. જેમાં સૌથી વધારે ધ્વનિ પ્રદૂષણ શહેરની ૭ જગ્યાએ નોંધાયું છે. સૌથી વધારે ધ્વનિ પ્રદૂષણ નારણપુરા અને નવરંગપુરામાં ૮૫ ડેસિબલ છે. આ પછી અખબારનગર, નરોડા પાટિયા, ઘોડાસર ચાર રસ્તા, પકવાન ચાર રસ્તા, કાલુપુર કોરિડોર પર ધ્વનિ પ્રદૂષણ ૮૦ ડેસિબલ છે. જોકે પકવાન ઓવરબ્રિજ પર ધ્વનિ પ્રદૂષણને ઘટાડવા માટે ૨૦૦ મીટર સુધી નોઈસ બેરિયર લગાડવામા આવ્યાં છે. તોપણ સ્થિતિ ચિંતાજનક જેવી જ છે, નોઈસ બેરિયરની કોઈ અસર દેખાતી નથી.

# વડાપ્રધાન મોદી અમેરીકાથી ઈજીપ્ત જવા રવાના

## ઈજીપ્તનાં પાટનગર કેરોમાં પ્રથમ વિશ્વ યુધ્ધમાં શહિદ થયેલા ભારતીય સૈનિકોને શ્રધ્ધાંજલી આપશે : અલ-હાકીમ મસ્જીદની મુલાકાત લેશે

નવી દિલ્હી તા. ૨૪

વડાપ્રધાન મોદી આજે વોશીંગ્ટનની મુલાકાત બાદ ઈજિપ્તની બે દિવસની રાજકીય યાત્રા પર જવા રવાના થઈ ગયા છે. વડાપ્રધાન મોદી ઈજિપ્તમાં પ્રથમ વિશ્વ યુદ્ધ સમયે શહીદ થયેલા ભારતીય સૈનિકોને શ્રદ્ધાંજલિ આપવા માટે કાહેરામાં આવેલા હેલિયોપોલિસ યુદ્ધ કબ્રસ્તાનની મુલાકાત લેશે. આ યાત્રા ઈજિપ્તના રાષ્ટ્રપતિ અબ્દુલ ફતહ અલ-સિસીના આમંત્રણને પગલે યોજાઈ રહી છે.

વર્ષ ૧૯૯૭ બાદ કોઈ ભારતીય વડાપ્રધાન પ્રથમ વખત ઈજિપ્તની યાત્રા કરશે. આ ઉપરાંત વડાપ્રધાન મોદીની પણ આ પ્રથમ ઈજિપ્તની પ્રથમ યાત્રા છે. તેમની યાત્રા સમયે તેઓ ૧૧મી સદીની પ્રસિદ્ધ અલ-હાકિમ મસ્જિદની મુલાકાત પણ લેશે.

ઈજિપ્તના પ્રવાસ પર પીએમ મોદી કાહિરામાં હેલિયોપોલિસ કોમનવેલ્થવૉર ગ્રેવ કબ્રસ્તાન પણ જશે. જ્યાં પ્રથમ વિશ્વ યુદ્ધ સમયે શહીદ થયેલા ભારતના આશરે ૪,૦૦૦ સૈનિકોને શ્રદ્ધાંજલિ આપશે.

આ યાત્રામાં વ્યાપાર, રોકાણ, ઊર્જા અને સુરક્ષાના ક્ષેત્રમાં ભારત તથા ઈજિપ્ત વચ્ચે દ્વિપક્ષીય સંબંધોને મજબૂત કરવા ધ્યાન કેન્દ્રિત કરવામાં આવે તેવી આશા છે. વડાપ્રધાન મોદી ઈજિપ્તના વ્યાપાર સાથે સંકળાયેલા નેતાઓ સાથે પણ મુલાકાત કરવા અને બન્ને દેશો વચ્ચે વ્યાપાર અને રોકાણકારો વધારવાની બાબતો અંગે ચર્ચા કરશે. અત્રે ઉલ્લેખનીય છે કે અલ-હાકિમ મસ્જિદનું પુનઃનિર્માણ વર્ષ ૧૯૮૦માં વોહરા મુસ્લિમ સમુદાય દ્વારા કરાવ્યું હતું. ખાસ વાત એ છે કે વડાપ્રધાન નરેન્દ્ર મોદીનો આ એવો છઠ્ઠો વિદેશ પ્રવાસ હશે કે જયારે તેઓ મસ્જિદની મુલાકાત લેશે. અહીં તેઓ ધર્મગુરુઓ સાથે મુલાકાત પણ કરી શકે છે.

## હવે અમેરીકામાં વસતા ભારતીયોને H-1B વીઝા રીન્યુ કરવા માટે અમેરીકાની બહાર જવું પડશે નહી : મોદી

વોશિંગ્ટન તા. ૨૪ : વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ વોશિંગ્ટનના રીગન સેન્ટર ખાતે પ્રવાસી ભારતીયોને સંબોધિત કરતી વખતે ભારતની સિદ્ધિઓ ગણાવી હતી. પીએમ મોદીએ કહ્યું કે નિર્ણય લેવામાં આવ્યો છે કે તમારે H-1B વિઝા રિન્યૂ કરવા માટે અમેરિકાની બહાર જવું પડશે નહીં. અમેરિકામાં રહેતા સમયે H-1B વિઝા હવે રિન્યુ થશે. વડાપ્રધાને કહ્યું કે ભારત આ વર્ષે સિએટલમાં નવું વાણિજય દૂતાવાસ ખોલવા જઈ રહ્યું છે. આ સિવાય અમેરિકાના વધુ બે શહેરોમાં ભારતીય વાણિજય દૂતાવાસ ખોલવામાં આવશે. 'ભારતની વિકાસ ગાથામાં એનઆરઆઈની ભૂમિકા' વિષય પર એનઆરઆઈને સંબોધતા પીએમ મોદીએ કહ્યું કે તમે લોકોએ આ હોલમાં ભારતનો સંપૂર્ણ નકશો બનાવ્યો છે. તમે દૂર દૂરથી અહીં આવ્યા છો. એવું લાગે છે કે 'મિની ઈન્ડીયા' ઉભરીઆવી છે. અમેરિકામાં 'એક ભારત શ્રેષ્ઠ ભારત'નું આટલું સુંદર ચિત્ર બતાવવા બદલ હું તમને બધાને અભિનંદન આપું છું.

## પંજાબ સરહદે ઘુસેલા પાકિસ્તાની ડ્રોનને બીએસએફએ તોડી પાડયું

અમૃતસર તા. ૨૪

પંજાબમાં બોર્ડર સિક્યુરિટી ફોર્સના જવાનોએ પાકિસ્તાની ડ્રોનને તોડી પાડ્યુ છે. આ ડ્રોન ભારતીય હવાઈ ક્ષેત્રનું ઉલ્લંઘન કર્યુ હતું જેને લઈને સેનાએ એક્શન લઈને ડ્રોનને તોડી પાડ્યુ હતું.

BSF પંજાબ ફ્રન્ટિયરે પાકિસ્તાની ડ્રોનને તોડી પાડવાની માહિતીઆપી છે. બોર્ડર સિક્યુરિટી ફોર્સના જવાનોએ પંજાબના તરનતારન જિલ્લાના લખના ગામમાં ભારતીય હવાઈ ક્ષેત્રનું ઉલ્લંઘન કરતા પાકિસ્તાની ડ્રોનને તોડી પાડ્યુ હતું. BSFના જવાનોએ ગઈકાલે રાત્રે લગભગ ૯ વાગ્યાની આસપાસ તરનતારન જિલ્લાના ટીજે સિંહ ગામ પાસે ડ્રોનની હિલચાલ જોવા મળી હતી. BSFના એક અધિકારીએ જણાવ્યું હતું કે સૈનિકો ડ્રોનને અટકાવવા માટે તરત જ એક્શન લઈને અને પંજાબ પોલીસ સાથે સંયુક્ત સર્ચ ઓપરેશન હાથ ધરવામાંઆવ્યું હતું. તેમણે જણાવ્યું કે સવારે લગભગ ૮.૧૦ વાગ્યે જિલ્લાના લાખના ગામને અડીને આવેલા ખેતરોમાંથી તૂટેલી હાલતમાં ડ્રોન મળી આવ્યું હતું.

# ગોધરામાં આજે સવારે દે ધનાધન ૪ ઈંચ વરસાદ

## ગુજરાતમાં પ્રિ-મોન્સુન એકટીવિટી : મુંબઈમાં નૈઋત્ય ચોમાસાએ દસ્તક દીધી

ગોધરા તા. ૨૪

ગુજરાતમાં આવતા સપ્તાહમાં નૈઋત્ય ચોમાસાનો પ્રવેશ થઈ જવાની આગાહી વચ્ચે રાજયમાંપ્રિ-મોન્સુન વરસાદ શરૂ થઈ ગયોહોય તેમ આજે અમુક ભાગોમાં મુશળધાર વરસાદ ખાબકયો હતો.

પંચમહાલના ગોધરા શહેરમાં આજે સવારે બે કલાકમાં ચાર ઈંચ પાણી વરસી જતા અનેક ભાગો જળબંબાકાર બન્યા હતા. કચ્છમાં ત્રાટકેલા બિપોરજોય વાવાઝોડાની અસરે કેટલાંક દિવસો સુધી નૈઋત્ય ચોમાસું સ્થગિત થઈ ગયુ હતું અને આગળ વધતુ અટકી ગયુ હતું. બે દિવસથી પ્રગતિના સાનુકુળ સંજોગો સર્જાયા હતા. ગુજરાતમાં ચોમાસુ આગામી સપ્તાહમાં પ્રવેશ થવાનું અનુમાન વ્યકત કરવામાં આવી રહ્યું છે.

વડોદરાનાં દેસરમાં બે ઈંચતથા સાવલીમાં ૧.૫ ઈંચ વરસાદ પડયો હતો. આણંદનાં ઉમરેઠમાં સવાઈંચ, પંચમહાલનાં ઘોઘંબામાં સવા ઈંચ, આણંદ તથા ગળતેશ્વરમાં એક એક ઈંચ પાણી વરસ્યુ હતું. ઠાસરા તથા ગળતેશ્વરમાં એકએક પાણી વરસ્યુ હતું. ઠાસરા તથા વડોદરામાં અર્ધો ઈંચ વરસાદ થયો હતો.

હવામાન વિભાગ દ્વારા પાંચ દિવસ પ્રિ-મોન્સુન વરસાદની આગાહી કરવામાં આવી જ હતી. રાજયમાં તાજેતરમાં વાવાઝોડાની અસર હેઠળ સાર્વત્રીક વરસાદ થતાં ખેડૂતો વાવણી કરવા લાગ્યા હતા. હવે આવતા સપ્તાહમાં ચોમાસાના પ્રવેશ તથા વરસાદના સારારાઉન્ડથી કૃષિ ક્ષેત્રને મોટી રાહત મળવાનો આશાવાદ છે.

દેશના આર્થિક મહાનગર મુંબઈમાં છેવટે નૈઋત્ય ચોમાસાએ દસ્તક દીધી છે અને ધમાકેદાર વરસાદ શરૂ થયો છે.

બે દિવસ ભારે વરસાદ થવાની આગાહીને પગલે યલો એલર્ટ જાહેર કરવામાં આવ્યુ છે. હવામાન વિભાગનાં રીપોર્ટ પ્રમાણે લાંબી પ્રક્રિયા બાદ નૈઋત્ય ચોમાસું રાયગઢ, થાણે, મુંબઈ, તથા પાલઘર તરફ આગળ વધવાના સાનુકુળ સંજોગો સર્જાયા છે. આજે મુંબઈમાં ચોમાસુ પ્રવેશી જશે. હવે ૨૬ તથા ૨૭ જુને પાંચ ઈંચ સુધીનો ભારે વરસાદ થવાની સંભાવનાને ધ્યાને રાખીને યલો એલર્ટ જાહેર કરવામાં આવ્યુ છે.

## ૩ જુલાઈથી રાજકોટ – પુના વચ્ચે સીધી ફલાઈટનો પ્રારંભ

રાજકોટ, તા.૨૪ : રાજકોટ ખાતે આંતરરાષ્ટ્રીય હીરાસર એરપોર્ટ શરૂ થાય તે પૂર્વે હાલના એરપોર્ટની હવાઈ સેવામાં વધારો થઈ રહ્યો છે જેમાં તા.૧જુલાઈથી ઈન્દોર, ઉદયપુર સાથોસાથ પુનાની ફલાઈટ શરૂ થતાં સૌરાષ્ટ્રવાસી પ્રવાસીઓ, ઉદ્યોગકારો, છાત્રોને દેશના અન્ય મેટ્રો શહેરમાં પહોંચવું વધુ આસાન રહેશે. ઈન્ડીગો એર લાઈન્સ કંપનીએ આગામી તા.૩ જુલાઈથી રાજકોટ-પુનાની ફલાઈટ શરૂ કરવાનો શેડયુલ જાહેર કર્યો છે તે મુજબ પુનાથી સવારે ૭.૧૫ કલાકે ટેક ઓફ થઈ સવારે ૯.૦૦ કલાકે રાજકોટ લેન્ડ થશે અને રાજકોટથી પરત પુના જવા સવારે ૯.૪૫ કલાકે ટેક ઓફ થઈ સવારે ૧૧.૨૦ કલાકે પુના લેન્ડ થશે આ ફલાઈટ શનિવાર સિવાયના તમામ દિવસોમાં ઉડશે. આ ઉપરાંત તા. ૧ જુલાઈથી ઈન્ડીગો એરલાઈન્સની રાજકોટ-ઉદયપુર ડેઈલી ફલાઈટ સવારે ૮.૪૦ કલાકે ટેકઓફ થઈ ૯.૫૫ કલાકે ઉદયપુર પહોંચશે અને પરત સવારે ૧૦.૧૫ કલાકે ટેકઓફ થઈ રાજકોટ સવારે ૧૧.૩૫ કલાકે લેન્ડ થશે.

## ગૂગલ ગુજરાતમાં ફિનટેક ઓપરેશન સેન્ટરની સ્થાપના કરશે

વોશીંગ્ટન તા. ૨૪

ગૂગલના સીઈઓ સુંદર પિચાઈએ વડાપ્રધાન મોદી સાથે મુલાકાત બાદ અવી જાહેરાત કરી કે ગૂગલ (ગુજરાતમાં પોતાનું વૈશ્વિક ફિનટેક ઓપરેશન સેન્ટર ઓપન કરશે. તેમણે પીએમ મોદી સરકારના પ્રમુખ અભિયાન ડિજિટલ ઈન્ડિયા માટે પીએમના દ્રષ્ટિકોણની પણ પ્રશંસા કરી. ધુમાં કહ્યું કે આ ફિનટેક ઓપરેશન સેન્ટર ગુજરાતના ગાંધીનગરમાં ગિફ્ટ સિટીમાં ખોલવામાં આવશે.

ન્યૂઝ એજન્સી એએનઆઈએ સુંદર પિચાઈના હવાલાથી કહ્યું કે અમેરિકાની ઐતિહાસિક યાત્રા દરમિયાન પીએમ મોદીને મળવું એ સન્માનની વાત હતી. અમે પ્રધાનમંત્રી મોદી સાથે શેર કર્યું કે ગૂગલ ભારતના ડિજિટલીકરણ કોષમાં ૧૦ બિલિયન ડોલરનું રોકાણ કરી રહ્યું છે. અમે ગુજરાતમાં અમારું વૈશ્વિક ફિનટેક ઓપરેશન સેન્ટર ઓપન કરવાની જાહેરાત કરી રહ્યા છીએ.



**મકાન વેચવાનું છે**

જૂનાગઢના ભરચક વિસ્તાર
દાણાપીઠમાં વાદી ખડકીમાં ૧૧૦ વારનું, ત્રણ માળનું, ૯ રૂમ વાળુ, તમામ ફેસેલીટી વાળુ, તદ્દન વ્યાજબી ભાવમાં વેચવાનું છે.
મો. ૯૩૭૬૬ ૦૫૫૯૨, ૭૯૮૪૮ ૦૫૭૯૧

તમામ પ્રકારનાં હઠીલા રોગોની આર્યુવેદીક પધ્ધતિથી સારવાર માટે નિષ્ણાંત
(કેન્સરનાં દર્દીઓ અવશ્ય સંપર્ક કરે)

**ડૉ. ધવલ સંઘવી**
બી.એ.એમ.એસ. (B.V.P.U.). Pune

ઈમ્યુનિટા લ્યો.. સંક્રમણથી બચો




સૌરાષ્ટ્રમાં સૌ પ્રથમ જૂનાગઢ ખાતે
નાડી પરીક્ષણથી નિદાન તેમજ અપાતી સારવાર
એપોઈન્ટમેન્ટ :- જૂનાગઢ મો.: ૯૩૨૮ ૫૫૪૩૪૩

તમામ પ્રકારનાં રોગોની આયુર્વેદિક પધ્ધતિથી સારવાર કરવાનાં નિષ્ણાંત

વર્તમાનમાં કોરોનાથી બચવા અને સંક્રમણને અટકાવવા તેમજ રોગપ્રતિકારક શકિત વધારવા માટે ઈમ્યુનિટાનું નિયમિત સેવન કરો અને સ્વસ્થ રહો.... દવા એક ફાયદા અનેક

દરેક જગ્યાએ ઉપલબ્ધ

કલીનીક : પ્લોટ નં. ૪૧૭, જી.આઈ.ડી.સી.-૨, જૂનાગઢ.
સમય : સવારે ૧૦ થી ૨ સાંજે : ૫ થી ૭.૩૦ સુધી
અગાઉથી એપોઈન્ટમેન્ટ લેવી...

સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિકનાં ૪૭માં વર્ષમાં મંગલ પ્રવેશ નિમિતે હાર્દિક શુભેચ્છા...

**નૂતન વર્ષાભીનંદન**

સ્વાદની સોડમ એટલે...

તૃપ્તી



તૃપ્તી બ્રાન્ડ શુધ્ધ કપાસીયા તેલ તથા કૃષ્ણા બ્રાન્ડ શુધ્ધ સીગતેલનાં ઉત્પાદક

**શ્રી કૃષ્ણ ઓઈલ મીલ**
કૃષ્ણ એક્ષ્પોર્ટ ઈન્ડસ્ટ્રીઝ
મજેવડી દરવાજા બહાર, જૂનાગઢ

**ફલેટ વેચવાનો છે**

જૂનાગઢમાં ઝાંઝરડા રોડ વિસ્તારમાં ગાયત્રી સ્કુલની બાજુમાં બીજા માળે, 2BHK ફલેટ કસમાં વ્યાજબી ભાવમાં ફલેટ વેચવાનો છે

:: સંપર્ક ::
૯૯૨૫૭ ૫૫૦૦૮

**દુકાન વેચવાની છે**

વલ્લભાશ્રય માર્કેટ, ગ્રાઉન્ડ ફલોર માંગરો રોડ સ્થિત દુકાન વેચવાની છે

:: સંપર્ક ::
૯૭૨૩૮ ૯૮૪૮૫ / ૭૩૫૯૦ ૯૨૦૫૭

**ૐ નેચર કયોર સેન્ટર**
ડો. સી.ડી. ઓઝા (N.D.)

તમામ પ્રકારની નૈસર્ગિક ટ્રીટમેન્ટ ઉપલબ્ધ જેવી કે

- શીરોધારા : માઈગ્રેન, માથાનો દુઃખાવો, તણાવ, ચિંતા, ડીપ્રેશન, અપચો, કબજીયાત, કંપન, વાળ ખરવા, ચામડીના રોગો તથા સ્વસ્થ વ્યકિત માટે
- નસ્ય : સાઈનસ, નાક બંધ થઈ જવું, એલર્જી, ચિંતા
- નેત્ર તર્પણ : આંખનાં નંબર ઉતારવા, આંખમાં બળતરા થવી, આંખ આવવું, આંખોમાંથી પાણી નીકળવું
- જાનુ બસ્તિ : ગોઠણનાં દુઃખાવા
- કટિબસ્તિ : કમરમાં દુઃખાવો, સાઈટીકા, પગમાં ખાલી ચડવી
- મડ બાથ : ચામડીના રોગો ઉપરાંત સ્ટીમ બાથ, અભ્યંગ, ગ્રીવા બસ્તિ, પોટલી મસાજ જેવા ઉપચારો ઉપલબ્ધ

ઉપર મુજબની તમામ ટ્રીટમેન્ટ રોગોમાં તથા સ્વસ્થ વ્યકિત દ્વારા પણ કરાવી શકાય છે.

દરરોજ સાંજે ૭ થી ૮
નિષ્ણાંત આયુર્વેદ તબીબ દ્વારા મફત નિદાન કરી આપવામાં આવશે. (અગાઉથી એપોઈન્ટમેન્ટ લેવી જરૂરી)

ગીરીરાજ મેઈન રોડ, ક્રિષ્ના પ્રોવીઝન સ્ટોર સામે, નોબલ સ્કુલ પાસે, જૂનાગઢ. મો. ૯૮૯૮૭ ૨૬૦૦૨

# જૂનાગઢ જવાહર નવોદય વિદ્યાલય ધોરણ ૬ માં પ્રવેશ માટે ઓનલાઈન પ્રવેશ ફોર્મ તા.૧૦ ઓગસ્ટ સુધી ભરી શકાશે

## પ્રવેશ માટેની પરીક્ષા આગામી તારીખ ૨૦ જાન્યુઆરીના રોજ યોજાશે

જૂનાગઢ,તા.૨૩

જૂનાગઢ જવાહર નવોદય વિદ્યાલયમાં ધોરણ ૬માં પ્રવેશ માટેના ઓનલાઈન ફોર્મ તા.૧૦/૮/૨૦૨૩ સુધી ભરી શકાશે. જૂનાગઢ જવાહર નવોદય વિદ્યાલય ધોરણ ૬માં શૈક્ષણિકવર્ષ ૨૦૨૪-૨૫પ્રવેશ માટેની પ્રવેશ પરીક્ષા આગામી તારીખ ૨૦/૧/૨૦૨૪ના રોજ યોજાનાર છે. આ ફોર્મ ભરવા ઈચ્છુક ઉમેદવારો જેઓ શૈક્ષણિકવર્ષ ૨૦૨૩–૨૪માં જૂનાગઢ જિલ્લામાં ધોરણ ૫માં અભ્યાસ કરતા હોય તેમજ જૂનાગઢ જિલ્લાના બોનાફાઈડ રહેવાસી હોય અને જન્મ તારીખ ૧/૫/૨૦૧૨ થી તારીખ ૩૧/૭/૨૧૦૧૪ દરમિયાનની હોય તો તેઓ આ ઓનલાઈન ફોર્મ ભરી શકશે. આ ફોર્મ https://navodaya.gov.in વેબસાઈટ પર લિંક કરેલ એડમિશન પોર્ટલ ઉપર અથવા https://cbseitms.rcil.gov.in/nvs વેબસાઈટ પરથી ભરી શકાશે.

આ ફોર્મ ભરવા માટે ૧૦ કેબી થી ૧૦૦ કેબીની સાઈઝમાં ઉમેદવારનો ફોટોગ્રાફ, ઉમેદવારની સહી, પિતા/ માતા/ વાલીની સહી, ઉમેદવાર/તેના માતા-પિતા વાલીની સહી અને શાળા આચાર્યના સહી સિક્કા સાથે ભરાયેલ JNVST ૨૦૨૪ સર્ટિફિકેટ, માતા/પિતાનું આધાર કાર્ડ અથવા જૂનાગઢ જિલ્લાનું રહેઠાણ અંગેનું પ્રમાણપત્રને JPG/JPEG ફાઈલ ફોર્મેટમાં સ્કેન કરેલા હોવા જોઈએ કે જે ફોર્મ ભરવાના સમયે અપલોડ કરવાના રહેશે. આ ફોર્મ ભરવા ઈચ્છુક એવા ઓબીસી (કેન્દ્ર સરકારની યાદી મુજબ) એસ.સી, એસટી ઉમેદવારોએ ઓબીસી નોન ક્રિમિલર, એસ.સી.,એસ.ટી સર્ટિફિકેટ જમા કરાવવાનું રહેશે.

# જૂનાગઢ જીલ્લામાં પદ્મ એવોર્ડ માટે યોગ્ય જણાતા વ્યક્તિઓ, સંસ્થાઓ અરજી કરી શકશે

જૂનાગઢ, તા.૨૪

ગુજરાત સરકાર રમત ગમત યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ દ્વારા પદ્મ એવોર્ડ માટે ઈચ્છુક વ્યક્તિઓએ તા.૨૮/૬/૨૦૨૩ સુધીમાં કાર્યાલય સમયદરમ્યાન જુદા જુદા ક્ષેત્રે વિશિષ્ટ કામગીરી અથવા સિદ્ધિ હાંસલ કરેલ હોય તેવી વ્યક્તિ વિશેષ કે સંસ્થા જેઓ પદ્મ એવોર્ડ માટે યોગ્ય જણાતા હોય તો નોમિનેશન આપવા માટે જિલ્લા રમત વિકાસ અધિકારીની કચેરી, સરદાર પટેલ સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સ, ગાંધીગ્રામ, જૂનાગઢ ખાતે માહિતી મોકલવાની રહેશે. વિસ્તૃત માહિતી માટે લિંક https://www.padmaawards.gov.in/AboutAwards.aspx ઉપરથી મેળવવી. જિલ્લા રમત વિકાસ અધિકારીની કચેરી માટે ચિરાગભાઈ ચુડાસમા નો સંપર્ક કરવા ૯૨૬૫૭૮૩૭૫૭ એક અખબારી યાદીમાં જણાવવામાં આવ્યું છે.

# જૂનાગઢ ખાતે જીલ્લા કક્ષાની ૬૨મી સુબ્રટો કપ ફૂટબોલ સ્પર્ધા યોજાશે

## સ્પર્ધામાં ભાગ લેવા માટે તા.૧ જુલાઈ સુધીમાં રજીસ્ટ્રેશન કરવું

જૂનાગઢ, તા.૨૪

જૂનાગઢ જિલ્લા રમત પ્રશિક્ષણ કેન્દ્ર જૂનાગઢ ખાતે જિલ્લા કક્ષાની ૬૨મી સુબ્રટો કપ ફૂટબોલ રમતનું સ્પર્ધા યોજાનાર છે. આ સ્પર્ધામાં ભાગ લેવા માટે તારીખ ૧/૭/૨૦૨૩ સુધીમાં અરજી કરવાની રહેશે. સુબ્રટો મુખરજી સ્પોર્ટ્સ એજ્યુકેશન સોસાયટી દ્વારા ૬૨મી સુબ્રટો કપ ઈન્ટરનેશનલ ફૂટબોલ ટુર્નામેન્ટ ૨૦૨૩ નું આયોજન કરવામાં આવેલ છે. જેમાં જિલ્લા રમત પ્રશિક્ષણ કેન્દ્ર જૂનાગઢ ખાતે જિલ્લા કક્ષાની ૬૨મી સુબ્રટો કપ ફૂટબોલ રમત સ્પર્ધા નું આયોજન કરવામાં આવશે. તથા સ્પર્ધામાં ભાગ લેવા માટે તા. ૧/૭/૨૦૨૩ સુધીમાં www.subrotocup.in આ વેબસાઈટ ઉપર રજીસ્ટ્રેશન કરી તા.૧/૭/૨૦૨૩ સુધીમાં ટીમ એન્ટ્રી તથા પેમેન્ટ રીસીપ્ટની પ્રમાણિત નકલ જિલ્લા રમત પ્રશિક્ષણ કેન્દ્ર ખાતે જમા કરવાની રહેશે. સબ જુનિયર અંડર -૧૪ ભાઈઓ, જુનિયરમાં અંડર - ૧૭ ભાઈઓ, જુનિયર અંડર - ૧૭ બહેનો માટે આ રમત યોજાશે. વધુ માહિતી માટે ચિરાગભાઈ ચુડાસમા ૯૨૬૫૭૮૩૭૫૭નો સંપર્ક કરવા એક અખબારી યાદીમાં જણાવવામાં આવ્યું છે.

# ઉના વિધાનસભા વિસ્તારમાં ભાજપની બુથ વિસ્તારક કાર્યશાળા યોજાઈ

(નિરવ ગઢીયા દ્વારા)

ઉના, તા.૨૪

ગુજરાતના પનોતા પુત્ર અને યશસ્વી વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના વડપણ હેઠળની કેન્દ્ર સરકારના નવ વર્ષ પૂર્ણ થતા નવ સાલ બેમિશાલ અભિયાન અંતર્ગત ગુજરાત પ્રદેશ ભાજપાના નિયત કાર્યક્રમ મુજબ તેમજ જીલ્લા ભાજપાની સુચના અનુસાર સમગ્ર રાજ્યમાં એક સમયે વિશેષ જન સંપર્ક અભિયાન અંતર્ગત ૯૩ ઉના વિધાનસભા ભાજપા દ્વારા બુથ વિસ્તાર કાર્યશાળાનું આયોજન ઉના નગરપાલિકા સભાખંડમાં કરવામાં આવ્યું હતું. આ કાર્યશાળામાં ઉપસ્થિત ઉના શહેર તાલુકા તથા ગીરગઢડા તાલુકાના દરેક બુથના પ્રમુખો તથા બુથ વાઈઝ વિસ્તારોને ગુજરાત પ્રદેશ ભાજપાના પ્રમુખ સી.આર.પાટીલ, મહામંત્રી પ્રદિપસિંહજી વાઘેલા તથા સંગઠન મહામંત્રી રત્નાકરજી ઓનલાઈન વર્ચ્યુઅલ માર્ગદર્શન આપેલ હતું. આ કાર્યશાળાને સંબોધતા ધારાસભ્ય કાળુભાઈ રાઠોડે જણાવ્યું હતું કે,આપણી ભારતીય જનતા આવડું વટવૃક્ષ બનાવવા માટે ડો.શ્યામા પ્રસાદ મુખર્જી સહિત મહાપુરૂષોએ બલીદાન આપ્યા છે ત્યારે આપણી ભાજપા પાર્ટી વિશ્વની સૌથી પાર્ટી અને પરિવાર બની છે. આજે એ વિરલ વિભૂતિ યાદ કરી તેના ચરણોમાં શ્રધ્ધા સુમન અર્પણ કરી એ છીએ. આ કાર્યશાળામાં ઉનાના ધારાસભ્ય કાળુભાઈ રાઠોડ, જીલ્લા ભાજપના મહામંત્રી વિશાલભાઈ વોરા, ઉપાધ્યક્ષ રાજુભાઈ ડાભી, પ્રકાશભાઈ ટાંક, રામભાઈ વાઢેર તથા જીલ્લા પંચાયત ના સદસ્યો, તાલુકા પંચાયતના ચૂંટાયેલા સદસ્યો, ઉના નગરપાલિકાના સદસ્યો તથા શહેર ભાજપા પ્રમુખ મિતેષભાઈ શાહ, તાલુકા ભાજપ પ્રમુખ બાબુભાઈ ચૌહાણ, ગીરગઢડા તાલુકા ભાજપ પ્રમુખ કાળુભાઈ રૂપાલા, સંગઠનના હોદેદારો તથા કાર્યકરો વિશાળ સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. અત્રે ઉલ્લેખનીય છે કે આગામી ૨૫,૨૬,૨૭ આમ ત્રણ દિવસ સુધી ભાજપા ના બુથ વિસ્તારો તથા બુથ પ્રમુખો ઉના વિધાનસભા ના ૨૮૦ બુથમાં પ્રચંડ લોક સંપર્ક અભિયામાં નીકળી અને દરેક ઘરે ફરીને નરેન્દ્રભાઈ મોદી સરકારની નવ વર્ષની ઐતિહાસિક કામગીરી અંગે લોકોને જાણકારી આપશે.

# વ્હાઈટ હાઉસ ખાતે યોજાયેલ ડીનરમાં રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝના ચેરમેન મુકેશ અંબાણી તેમજ રિલાયન્સ ફાઉન્ડેશનના ચેરપર્સન નિતા અંબાણી ખાસ ઉપસ્થિત રહ્યા



મુંબઈ, તા.૨૪

વડાપ્રધાન નરેન્દ્ર મોદીના માનમાં યુએસ પ્રેસિડેન્ટ દ્વારા વ્હાઈટ હાઉસ ખાતે આયોજિત સ્ટેટ ડિનરમાં રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ લિમિટેડના ચેરમેન એન્ડ મેનેજિંગ ડાયરેક્ટર મુકેશ અંબાણી તથા રિલાયન્સ ફાઉન્ડેશનના ફાઉન્ડર એન્ડ ચેરપર્સન શ્રીમતી નીતા અંબાણી પરંપરાગત ભારતીય પરિધાનમાં સજ્જ થઈને ઉપસ્થિત રહ્યા હતા. આ ખાસ પ્રસંગ માટે, શ્રીમતી નીતા અંબાણીએ રિલાયન્સ ફાઉન્ડેશનના ‘સ્વદેશ’માંથી આપણા સાંસ્કૃતિક વારસાનું અભિન્ન અંગ ગણાતી, ભારતીય કળા અને કારીગરીનું નિરૂપણ કરતી એક મનમોહક સિલ્ક સાડીની પસંદગી કરી હતી.

# બીએસઈ ડેરિવેટિવ્ઝ સેગમેન્ટનું ટર્નઓવર રૂા. ૬ લાખ કરોડને આંબી ગયું, જે અત્યાર સુધીનું સૌથી વધુ ટર્નઓવર છે

મુંબઈ, તા.૨૪

એસએન્ડપી બીએસઈ સેન્સેક્સ ડેરિવેટિવ્ઝનું ટર્નઓવર રૂ. ૬,૦૬,૬૩૭ કરોડ (ઓપ્શન્સમાં રૂા. ૬,૦૬,૫૭૬ કરોડ અને ફ્યુચર્સમાં રૂા. ૬૧ કરોડ)ની ઊંચી સપાટીએ પહોંચ્યું હતું અને એક્સચેન્જમાં એક દિવસનું સૌથી વધુ ટર્નઓવર નોંધાયું હતું. ટર્નઓવર અગાઉના સપ્તાહના રૂા. ૩,૪૨,૧૨૯ કરોડના એક્સપાયરી ટર્નઓવરથી ૭૭% વધ્યું હતું. કુલ ૯૬.૧૧ લાખ કોન્ટ્રાક્ટ્સના સોદા થયા હતા. એક્સપાયરી પહેલા કુલ ઓપન ઈન્ટરેસ્ટ ૪.૯૩ લાખ કોન્ટ્રાક્ટની ટોચે પહોંચ્યું હતું.

# ગુજરાત ઉર્જા સંયુક્ત સંકલન સમિતિના નેજા હેઠળ જેટકો કચેરીઓ ઉપર મેનેજમેન્ટ સામે સુત્રોચાર કરાયા

## ગુજરાત ઉર્જા સંયુકત સંકલન સમિતિ દ્વારા વાવાઝોડા અસરગ્રસ્ત કચ્છ, જામનગર, પોરબંદર, દેવભૂમી દ્વારકા જીલ્લામાં કર્મચારીઓ અને અધિકારીઓ પાવર રીસ્ટોરેશનની કામગીરી ચાલુ રાખશે




જૂનાગઢ, તા.૨૪

જેટકો જીબિયાનો આંદોલનને એજીવિકાસના સહકારથી ગુજરાત ઉર્જા સંયુક્ત સંકલન સમિતિના નેજા નીચે બંને યુનિયનના કર્મચારીઓ અને અધિકારીઓ વર્ક ટુ રૂલ નિયમ મુજબ કાળી પટ્ટી ધારણ કરીને મેનેજમેંટ નો વિરોધ દર્શાવવાનુ ચાલુ કરેલ છે. તેમજ તારીખ ૨૭-૬-૨૦૨૩ના રોજ માસ સીએલ જાહેર કરેલી હોય તેમાં જેટકોના ઈજનેરો તથા કર્મચારીઓએ આજ સુધીમા ૫૦૦૦ જેટલી માસ સીએલ મુકાયેલ છે. તેમજ ગુજરાત ભરની જેટકોની સર્કલ ઓફિસો, ઝોનલ ઓફિસ, તેમજ ડિવિઝન ઓફિસ ખાતે ગુજરાત ઉર્જા સંયુક્ત સંકલન સંમિતિના નેજા નીચે સુત્રચારો કરી મેનેજમેંટનો વિરોધ દર્શાવેલ છે.

ગઈકાલ ગુજરાત ઉર્જા સંયુક્ત સંકલન સમિતિ દ્વારા એવો નિર્ણય લેવામાં આવ્યો કે ગુજરાતની પ્રજાના હિતમાં તથા રાજ્ય સરકાર અને ઉર્જા વિભાગ દ્વારા વાવાઝોડા અસરગ્રસ્ત કચ્છ, જામનગર, પોરબંદર, દેવભુમી દ્વારકા જીલ્લામા જે પાવર રીસ્ટોરેશનની કામગીરી ચાલી રહી છે તેમાં કોઈપણ જાતનો અવરોધ ઉભો કરવામાં નહી આવે અને આ વિસ્તારમા કામ કરતા કર્મચારીઓ અને અધિકારીઓ માસ સીએલ મુકીને પણ પાવર રીસ્ટોરેશનની કામગીરી ચાલુ રાખશે. સમગ્ર ઘટના દરમ્યાન જેટકો મેનેજમેંટ દ્વારા જીઈબીઈ અને આંદોલનને ઉકેલવા માટે તારીખ ૨૬-૬-૨૦૨૩ના રોજ બપોરના ૪:૦૦ કલાકે કોર્પોરેટ ઓફિસ વડોદરા ખાતે જીઈબીઈના હોદેદારો ને બોલાવેલ છે,પરંતુ ઉર્જા સંયુક્ત સંકલન સમિતિ જ્યા સુધી પરિણામ ન મળે ત્યા સુધી આંદોલન ચાલુ રહેશે એવો સુર વ્યક્ત કરવામાં આવ્યો છે.

# મધમાખીપાલન : પુરક વ્યવસાય અંગે કૃષિ યુનિવર્સિટીમાં તાલીમ યોજાઈ

## ૭૫ જેટલા ખેડૂતો તાલીમમાં સહભાગી થયા



જૂનાગઢ, તા.૨૪

મધમાખીપાલનથી થતા અને વિવિધ ફાયદાઓને ધ્યાનમાં રાખી જૂનાગઢ કૃષિ યુનિવર્સીટી, જૂનાગઢ ખાતે બે દિવસની ડો.વી.પી.ચોવટીયાના માર્ગદશન અને ડો.એચ.એમ.ગજીપરાની પ્રેરણા હેઠળ મધમાખીપાલન ની તાલીમ યોજાય હતી. જેમા ૭૫ જેટલા ખેડૂતોએ તાલીમ લીધી હતી. આ તાલીમ કાર્યક્રમના અધ્યક્ષ અને આચાર્ય ડો.ડી.કે.વરૂ જણાવ્યું કે,મધમાખીપાલનએ ખેતી સાથે સહલગ્ન અને ખેતીમાં મદદરૂપ થતો પુરક વ્યવસાય છે.આનાથી અમૃતસમાન મધુર મધ મળે છે.તેમજ વનસ્પતિમાં પરાગનયનની પક્રિયાથી ખેતી પાક તેમજ બાગાયતી પાકોમાં ઉત્પાદનવધે છે. આ વ્યવસાયથી ગ્રામીણ વિસ્તારના લોકોને રોજગારી પૂરી પાડી તેની આવકમાં વધારો કરી શકે છે.રોજગાર માટે કૌશલ્યની ખાસ જરૂર હોયછે.જેની પાસે કૌશલ્ય હશેતે ગમે ત્યાંથી રોજગારી મેળવવી શકશે.મધમાખીએ ખેડૂતનો મિત્ર કિટક છે.

આ પ્રસંગે આ કાર્યક્રમના કોર્ડીનેટર ડો.ડી.એમ.જેઠવાએ જણાવ્યું કે,મધમાખી આશરે ચાર કરોડ વર્ષ પહેલા અસ્થિતત્વમાં આવી હોય તેવું માનવામાં આવે છે.મધમાખી અને માનવનોસબંધ ઘણો જુનો છે.કદાચ આદિ માનવે સૌ પ્રથમ મધુર ખોરાક તરીકે મધનો જ ઉપયોગ કર્યો હશે. ભારતમાં ૧૮૮૨માં આધુનિક મધમાખીપાલનની શરૂઆત બંગાળથી થઈ હતી. ઈ.સ. ૧૯૩૮માં ભારતના મધમાખીપાલકોએ ઓલ ઈન્ડીયા બીકીપર્સ એશોસિએશન ની સ્થાપના કરી ને ‘ઈન્ડિયન બી જર્નલ’છાપવાનું શરુ કર્યુ હતુ. મધમાખીની ૨૦ પ્રજાતિ છે. તેમાંથી ગુજરાતમાં ઈટાલિયન મધમાખીની પ્રજાતિ અપનાવવામાં આવે છે. ડો.એચ.સી.છોડવડીયા એ પ્રાસંગિક ઉદબોધન કર્યુ હતુ. વધુમાં ડો.જી.આર.ગોહીલએ જણાવ્યું કે,હાલ ઘણા ખેડૂતભાઈઓ પુરક વ્યવસાય તરીકે મધમાખીપાલન કરે છે.અને તેમાંથી સારી એવી આવક મેળવે છે. આ તાલિમમાં મધમાખીપાલનદરમ્યાન લેવાની થતી કાળજીઓઅને માવજત, મધમાખીમાં વપરાતા સાધનો અને તેની ઉપયોગીતા, મધ પેટી સાચવવાની પદ્ધતિ, તેમાં આવતા રોગ અને જીવાતોનું નિયત્રાણ,ખેતી તથા શાકભાજી પાકોમાં ઉત્પાદનમાં પશુપાલનની અગત્યતા, મધમાખી પાલનથી મુખ્ય અને ગૌણ ઉત્પાદકો અને મધ કાઢવાની પદ્ધતિ વગેરે વિષયો ઉપર તાલીમ આપવામાં આવી હતી. આ કાર્યકર્મનું સંચાલન ડો.બી.એન. કલસરીયાએ કર્યુ હતું.

# સાઈન્ટ ડીએલએમ લિમિટેડનો આઈપીઓ તા.૨૭ જૂન, મંગળવારના રોજ ખુલશે




અમદાવાદ, તા.૨૪

સાઈન્ટ ડીએલએમ લિમિટેડ (કંપની) મંગળવાર, ૨૭ જૂન, ૨૦૨૩ના રોજ રૂા. ૫,૯૨૦.૦૦ મિલિયન ("ઈશ્યૂ") સુધીના ઈક્વિટી શેરના તેટલા મૂલ્યના નવા ઈશ્યૂનો સમાવેશ કરતા તેના આઈપીઓ ખોલવાની દરખાસ્ત કરે છે. બિડ/ઈશ્યૂની અંતિમ તારીખ શુક્રવાર, ૩૦ જૂન, ૨૦૨૩ હશે. એન્કર ઈન્વેસ્ટર બિડ/ઈશ્યૂનો સમયગાળો, બિડ/ઈશ્યૂ ખોલવાની તારીખ પહેલાંનો એક કાર્યકારી દિવસ છે, એટલે કે, સોમવાર, જૂન ૨૬, ૨૦૨૩. ઈશ્યૂ માટે પ્રાઈસ બેન્ડ રૂ. ૨૫૦ પ્રતિ ઈક્વિટી શેરથી રૂા.૨૬૫ પ્રતિ ઈક્વિટી શેર નક્કી કરવામાં આવી છે. બિડ ઓછામાં ઓછા ૫૬ ઈક્વિટી શેર માટે અને ત્યારબાદ ૫૬ ઈક્વિટી શેરના ગુણાંકમાં કરી શકાય છે. કંપનીએ બીઆરએલએમ સાથે ચર્ચા-વિચારણા કરીને રૂા.૧,૦૮૦.૦૦ મિલિયનના કુલ ૪૦,૭૫,૪૭૧ ઈક્વિટી શેરનુંખાનગી પ્લેસમેન્ટ હાથ ધર્યું છે. સિક્યોરિટીઝ કોન્ટ્રાક્ટ્સ (રેગ્યુલેશન) રૂલ્સ, ૧૯૫૭ના નિયમ ૧૯(૨)(b)ના મુજબ, સિક્યોરિટીઝ એન્ડ એક્સચેન્જ બોર્ડ ઓફ ઈન્ડિયાના (ઈશ્યુ ઓફ કેપિટલ એન્ડ ડિસ્કલોઝર રિક્વાયરમેન્ટ્સ) રેગ્યુલેશન્સ, ૨૦૧૮ના સુધારા (“SEBI ICDR રેગ્યુલેશન્સ”)ના નિયમન ૩૧ સાથે વાંચવામાં આવેલા સુધારેલા ("SCRR") મુજબ આ ઈશ્યૂ બુક બિલ્ડીંગ પ્રક્રિયા દ્વારા કરવામાં આવી રહ્યો છે. આ ઈશ્યૂ સેબી આઈસીડીઆર રેગ્યુલેશનના નિયમન ૬(૨)નું પાલન કરે છે જેમાં નેટ ઈશ્યૂના ૭૫% કરતા ઓછા નહીં તેવા લાયક સંસ્થાકીય ખરીદદારોને ("QIBs" અને "QIB ભાગ"નો આવો ભાગ) પ્રમાણસર ધોરણે ફાળવણી માટે ઉપલબ્ધ રહેશે, એ શરતે કે કંપની, મ્ઈન્સ્જ સાથે ચર્ચાવિચારણા કરીને, SEBI ICDR રેગ્યુલેશન્સ ("એન્કર ઈન્વેસ્ટર પોર્શન") અનુસાર વિવેકાધીન ધોરણે એક્કર ઈન્વેસ્ટર્સને QIB ભાગના ૬૦% સુધી ફાળવી શકે છે, જેમાંથી એક તૃતીયાંશ સ્થાનિક મ્યુચ્યુઅલ ફંડ્સ માટે આરક્ષિત રહેશે, એ શરતે કે સ્થાનિક મ્યુચ્યુઅલ ફંડ્સ તરફથી SEBI ICDR રેગ્યુલેશન્સ અનુસાર, એન્કર ઈન્વેસ્ટર ફાળવણી કિંમત ઉપર અથવા તેનાથી ઉપરની કિંમતની પ્રાપ્ત થયેલી માન્ય બિડ્સ હોય. એન્કર ઈન્વેસ્ટર હિસ્સામાં સબસ્ક્રિપ્શન ઓછું હોય અથવા ફાળવણી ન થઈ હોય તેવી સ્થિતિમાં બાકીના ઈક્વિટી શેર નેટ QIB પોર્શનમાં ઉમેરવામાં આવશે. વધુમાં, નેટ QIB ભાગનો ૫% માત્ર મ્યુચ્યુઅલ ફંડને પ્રમાણસર ધોરણે ફાળવણી માટે ઉપલબ્ધ રહેશે અને બાકીનો નેટ QIB ભાગ મ્યુચ્યુઅલ સહિત તમામ QIB (એક્કર ઈન્વેસ્ટર્સ સિવાય)ને પ્રમાણસર ધોરણે ફાળવણી માટે ઉપલબ્ધ રહેશે, એ શરતે કે ઈશ્યૂ કિંમત ઉપર અથવા તેનાથી ઉપરની કિંમતે માન્ય બિડ્સ પ્રાપ્ત થયેલી હોય. જો કે, જો મ્યુચ્યુઅલ ફંડની કુલ માંગ નેટ QIB ભાગના ૫% કરતા ઓછી હોય, તો મ્યુચ્યુઅલ ફંડના ભાગમાં ફાળવણી માટે ઉપલબ્ધ બાકીના ઈક્વિટી શેર્સ QIBs ને પ્રમાણસર ફાળવણી માટે બાકીના QIB ભાગમાં ઉમેરવામાં આવશે.

સૌરાષ્ટ્ર ભૂમિ
દૈનિક

## તંત્રી લેખ

# દેશની અર્થવ્યવસ્થામાં મંદિરોનું યોગદાન

હાલમાં જ અમેરિકામાં ઈન્ડિયન ઓવરસીઝ કોંગ્રેસના અધ્યક્ષ સામ પિત્રોડાએ એક નિવેદન આપીને પોતાનું અજ્ઞાન જ છતું કર્યું કે 'આપણી સામે બેરોજગારી, મોંઘવારી, શિક્ષણ અને સ્વાસ્થ્યની સમસ્યાઓ છે, જેના વિશે કોઈ વાત નથી કરતું. બધા જ રામ, હનુમાન, મંદિરની વાત કરે છે અને હું કહી ચૂક્યો છું કે મંદિરોથી રોજગાર નથી મળવાનો...' જેને ભારતીય સંસ્કૃતિની કશી સમજ ન હોય, એવો વ્યક્તિ જ આવા ભેજાંગેપ નિવેદનો આપીને ચર્ચામાં રહેવાનો પ્રયાસ કરતો હોય છે. આ મામલે સામ પિત્રોડા પણ તેમના માલિક રાહુલ ગાંધીના જ રસ્તે ચાલતા હોવાનું જણાય છે! ભારતની આર્થિક અને સામાજિક વ્યવસ્થા આરંભ કાળથી જ 'વર્ણાશ્રમ' તથા 'મંદિર કેન્દ્રિત' રહી છે. ઈસ્લામિક આક્રમણની સાથે દેશનાં તમામ મોટાં મંદિરો ધ્વસ્ત કરાવા લાગ્યાં. આક્રમણખોરોને ખબર હતી કે ભારતની સંસ્કૃતિનો આધાર જ મંદિર છે. ૧૯૪૭ બાદના ભાગલા પડેલ ભારતમાં મંદિરોની સંખ્યા લગભગ ૨૦ લાખ છે. તેમાંથી ૯ લાખ સનાતન હિંદુ સમાજનાં મંદિરો છે. અઢી લાખ શીખ ગુરુદ્વારા છે, જેમાં ૧૨ ગુરુદ્વારા વિશિષ્ટ ગુરુદ્વારા રૂપે ગુરુઓએ વિશેષ કારણોથી સ્થાપિત કર્યા. તે સિવાય બાકી ગુરુદ્વારા સરકારી ચોપડે મંદિર રૂપે જ નોંધાયેલા છે. એ જ પ્રકારે બે લાખથી વધુ જૈન સમાજનાં મંદિર પણ મંદિર રૂપે જ નોંધાયેલાં છે.

ઔરંગઝેબના અત્યાચાર વધી જતાં જ્યારે છત્રપતિ શિવાજીનો પ્રાદુર્ભાવ થયો તો તેમના ગુરુ સમર્થ ગુરુ રામદાસજી મહારાજે આજના મહારાષ્ટ્ર, ગુજરાત અને મધ્ય પ્રદેશના કેટલાક ક્ષેત્રોમાં હનુમાનજીની અણઘડ પ્રતિમા સ્થાપિત કરવાનું અભિયાન ચલાવ્યું. આ પ્રકારની પ્રતિમા માટે કોઈ કલાકારીની જરૂર ન હતી. પથ્થર ઉઠાવો, સિંદૂર લગાવો અને હનુમાનજી રૂપે સ્થાપિત કરી દો. સેંકડો વર્ષોમાં ઈસ્લામિક આક્રમણખોરો દ્વારા ત્રણ હજારથી વધુ વિશિષ્ટ મંદિરો ધ્વસ્ત કરી દેવાયા. તેમ છતાં ૩૩,૦૦૮ વિશિષ્ટ મંદિર ભારતની રાષ્ટ્રીય એક્તા અને અખંડતા રૂપે પોતાના યોગદાનની ગાથા કહી રહ્યા છે. દ્વાદશ જ્યોતિર્લિંગ, દ્વાદશગણપતિ ૫૨ શક્તિપીઠ, નવ દુર્ગા, દસ મહાવિદ્યાનાં મંદિર ભારતને એક્તાના સૂત્રમાં બાંધે છે. હાલમાં ૯ લાખ મંદિરોમાંથી માત્ર પાંચ લાખ મંદિર સનાતન હિંદુ સંસ્કૃતિના ૧૨૭ સંપ્રદાયો તથા ૧૩ અખાડાના નિયંત્રણમાં છે. બાકીનાં ઈસ્ટ ઈન્ડિયા કંપની તથા બ્રિટિશ ઈન્ડિયા ગવર્નમેન્ટ દ્વારા બનાવેલા 'મદ્રાસ હિંદુ ટેમ્પલએક્ટ' દ્વારા અધિગૃહિત કરીને સરકારો દ્વારા ચલાવવામાં આવે છે. આ એક્ટને સ્વતંત્રતા બાદ કોઈ સંસદીય અનુમોદન વિના 'હિંદુ રીલિજિયસ પ્લેસ એન્ડ ટેમ્પલ એમેન્ડમેન્ટ એક્ટ, ૧૯૫૧'નું રૂપ આપી દેવામાં આવ્યું.

દેશમાં સો કરોડ હિંદુઓની સાપેક્ષ ૨૫ કરોડ મુસલમાનો અને ચાર કરોડ ઈસાઈ છે. ૩.૫ લાખ મસ્જિદો, એક લાખ ૭૦ હજાર કેથોલિક ચર્ચ અને એક લાખ ૧૦ હજાર પ્રોટેસ્ટન્ટ ચર્ચ છે. સામ પિત્રોડા કે તેમના સહયોગીઓ આ ધર્મસ્થળોનું અર્થવ્યવસ્થામાં શું યોગદાન છે એવું પૂછી શકે? વારંવાર મંદિર અને હનુમાનજી પર પ્રશ્ન કરનારા કથિત સેક્યુલર પક્ષો અન્ય મજહબોએ પેદા કરેલા રોજગારની ચર્ચા કેમ નથી કરતા?

ભારતનું ધાર્મિક ક્ષેત્ર ૩૫ કરોડ લોકોને રોજગાર ઉપલબ્ધ કરાવે છે, જ્યારે કેન્દ્ર અને રાજ્યોની કુલ નોકરીઓ માત્ર સાડા ત્રણ કરોડ જ છે. ૨૦૨૨માં ગોવા જનારા પર્યટક સાડા ત્રણ કરોડ હતા, તો વડાપ્રધાન દ્વારા શ્રીકાશી વિશ્વનાથ ધામનું ઉદ્‌ઘાટન કર્યા બાદ કાશી આવનારા તીર્થયાત્રીઓની સંખ્યા દસ કરોડને પાર કરી ગઈ. એમાંથી સાત કરોડથી વધુ લોકોએ હોટેલો અને ધર્મશાળાઓમાં નિવાસ કર્યો. એર, રોડ, રેલવે તથા ખાનગી વાહનોના ઉપયોગથી મળનારો ટેક્સ વારાણસીની વિશિષ્ટ વસ્તુઓની ખરીદીનો રેકોર્ડ જીએસટી વિભાગ જ આપી શકે છે. વારાણસીના સો કિમીના ક્ષેત્રમાં પેદા થનારા ખાદ્યાન્ન, ફળ અને દૂધની ખપત અને તેનાથી થનારી ખેડૂતોની આવક બીજી કહાની કહી રહી છે. નાવિકો અને રિક્ષા ચાલકોની સાથે બુઝુર્ગોને મંદિર દર્શન કરાવનાર વ્હીલચેર ચાલક પણ સરેરાશ હજાર રૂપિયા પ્રતિ દિવસની કમાણી કરી રહ્યા છે. શું કાશી વિશ્વનાથજી અને મા ગંગા દ્વારા રોજગારનું સર્જન નથી થયું? જો હરિદ્વારમાં ગંગા ન હોય તો સેંકડ હોટેલ અને ધર્મશાળાઓ વેરાન થઈ જાય. ૨૦૧૩માં બદરીનાથ-કેદારનાથ આપદા બાદ થયેલ જીર્ણોધ્ધરના ફળ સ્વરૂપે ઉત્તરાખંડમાં તીર્થયાત્રીઓની સંખ્યા બેફામ વધી છે. શું ઉત્તરાખંડના યુવાઓ માટે તેનાથી રોજગારના અવસર નહીં પેદા થયા હોય? માત્ર ચારધામ યાત્રાની કમાણીથી આખું વર્ષ સુખેથી રહેનારા ઉત્તરાખંડ વાસીઓ માટે તીર્થાટનની કમાણી જ આજીવિકાનું મુખ્ય સાધન છે. પૂર્વોત્તરમાં મા કામાખ્યા, મધ્ય પ્રદેશમાં શ્રીમહાકાલ લોક, ગુજરાતમાં સોમનાથ મંદિર, અંબાજી મંદિર રોજગાર સર્જનની સાથે જ તીર્થાટનના પણ નવા માપદંડો સ્થાપિત કરી રહ્યા છે. પદ્મનાભ સ્વામી, તિરુપતિ બાલાજી, સિદ્‌ધિ વિનાયક જેવાં મંદિરો પણ અર્થવ્યવસ્થાને બળ આપી રહ્યાં છે. આજે જે લોકો રામમંદિરને લઈને ટીકાનાં બાણ ચલાવી રહ્યા છે, તેઓ એ જ છે, જેમણે અયોધ્યામાં ક્યારેય નાળું પણ નથી બનાવ્યું. શ્રીરામ જન્મભૂમિ પર મંદિર તૂટ્યા બાદ સેંકડો વર્ષો સુધી આવા જ લોકોએ મંદિર બનવાના રસ્તામાં રોડાં જ નાખ્યાં છે. હવે હવાઈ, રેલવે અને સડક માર્ગેથી અયોધ્યાને આખા દેશ સાથે જોડી દીધા બાદ યાત્રીઓની ભરપૂર વૃદ્‌ધિ અયોધ્યાના વિકાસની સાથે સાથે સો કિલોમીટરના ક્ષેત્રમાં નવી પેઢીના રોજગારની અલગ કહાની કહેશે.

કેન્દ્ર સરકારે પાંચ ટ્રિલિયન ડોલરની અર્થવ્યવસ્થાનો સંકલ્પ લીધો છે. એકલા મંદિર કેન્દ્રિત અર્થવ્યવસ્થા જ હાલમાં અઢી ટ્રિલિયન ડોલરની છે. પૂજા-અર્ચનામાં ઉપયોગ થનારાં ફળ, ખાદ્યાન્ન, વસ્ત્ર, શૃંગાર સામગ્રી તથા પ્રસાદનું નિર્માણ પ્રાચીન ભારતીય પરંપરામાં મંદિરને શિક્ષણ, સ્વાસ્થ્ય, સંપર્ક અને સંસ્કારનાં કેન્દ્ર બનાવવા માટે સ્વાવલંબી વ્યવસ્થાનું વિશ્વનું સૌથી ઉત્કૃષ્ટ ઉદાહરણ છે. મંદિરોથી દરેક વર્ગ લાભાન્વિત થઈ રહ્યો છે, કારણ કે હવે બ્રાહ્મણ પૂજારી પણ અનિવાર્ય નથી રહ્યા. અમરનાથ અને વૈષ્ણોદેવીની યાત્રામાં ૯૦ ટકાથી વધારે વ્યવસા કરનારા મુસ્લિમ વર્ગના લોકો છે. તેથી એમ કહેવું રાજકીય દેવાળિયાપણું છે કે મંદિર અને હનુમાનજીની વાત કરનારા રોજગાર પર ક્યારે વાત કરશે? આ દર્શાવે છે કે આવું કહેનારાઓને ભારતની સંસ્કૃતિ અને તેના દ્વારા રોજગાર સર્જનની ક્ષમતાની કોઈ જાણકારી જ નથી.

# કૃષિમંત્રી રાઘવજી પટેલે બિપરજોય ચક્રવાતથી અસરગ્રસ્ત કચ્છના તાલુકાઓમાં ખેડૂતોની મુલાકાત લઈને નુકસાનીનો તાગ મેળવ્યો




ગાંધીનગર તા.૨૪

રાજ્યના કૃષિ,પશુપાલન, ગૌ સંવર્ધન, મત્સ્ય ઉદ્યોગ, ગ્રામ વિકાસ અને ગ્રામગૃહ નિર્માણ વિભાગના મંત્રી રાઘવજી પટેલે બિપરજોય વાવાઝોડા બાદ ખેતી,પશુપાલકો તેમજ મત્સ્ય ઉદ્યોગ ક્ષેત્રે કચ્છમાં થયેલી નુકસાનીનો તાગ મેળવવા માટે આજરોજ અસરગ્રસ્ત તાલુકામાં ખેડૂતો તથા પશુપાલકોની મુલાકાત લીધી હતી. ચક્રવાતના કારણે કચ્છમાં ખેતી તેમજ બાગાયતી પાકોમાં અને મત્સ્ય ઉદ્યોગમાં નુકસાન ઉપરાંત પશુમૃત્યુ પણ નોંધાયા છે આ કુદરતી આફતના કારણે બાગાયતી પાક લેતા ખેડૂતો, પશુપાલકો અને માછીમારોને થયેલા આર્થિક નુકસાનમાં સહાયરૂપ થવા સરકાર દ્વારા સર્વેની કામગીરી શરૂ કરવામાં આવી છે. ત્યારે મંત્રી રાઘવજી પટેલે નખત્રાણા, માંડવી, મુન્દ્રા તથા અંજાર તાલુકામા બાગાયતી પાક લેતા ખેડૂતો તેમજ પશુપાલકોને મળ્યા હતા.

મંત્રીએ ખેડૂતો તેમજ પશુપાલકો સાથે સીધો સંવાદ કરીને તેમને સરકાર દ્વારા યોગ્ય વળતર આપવાની ખાતરી સાથે નુકસાનગ્રસ્ત વધુમાં વધુ વૃક્ષો- છોડને પુનર્જીવત કરવા માટે પણ સરકાર પ્રયાસ કરશે એવું જણાવ્યું હતું. તેમજ કચ્છની ખેતી તેમજ પશુપાલકોને થયેલ નુકસાનીનો ચિતાર મુખ્યમંત્રી સમક્ષ રજૂ કરીને ખેડૂતોને વધુમાં વધુ સહાય અપાય તેવા પ્રયાસો કરાશે તેવી ખાતરી આપી હતી.

મંત્રીએ પ્રથમ નખત્રાણા તાલુકાના વેરસલપર ગામના રવિલાલ તેમજ સુરેશભાઈ વાલાણીના વાડીની મુલાકાત લઈને આંબાના ઝાડને થયેલા નુકસાનનું જાત નિરીક્ષણ કર્યું હતું. આ આ પ્રસંગે મંત્રીએ બાગાયતી પાકોમાં થયેલા નુકસાનમાં પડી ગયેલા ઝાડોને ફરી થી સજીવન કરી શકાય એમ હોય તેવા કિસ્સામાં કૃષિ યુનિવર્સિટીના વૈજ્ઞાનિકો દ્વારા માર્ગદર્શન આપવામાં આવશે તેમજ ખેડૂતોને થયેલી નુકસાનીનો યોગ્ય સર્વે કરીને પૂરતું વળતર આપવામાં આવશે એવી ખાતરી ઉચ્ચારી હતી. વેરસલપર ખાતે તાલુકાના ખેડૂતો સાથે મંત્રીએ સીધો સંવાદ કરીને આ કપરી પરિસ્થિતિમાં સરકાર ખેડૂતોની પડખે હોવાની હૈયાધારણા આપી હતી તથા ખેડૂતોના પ્રશ્નોને સાંભળ્યા હતા.

મંત્રીએ ઉમેર્યું હતું કે, વડાપ્રધાન નરેન્દ્ર મોદીના સીધા મોનિટરિંગ તેમજ મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલના માર્ગદર્શન હેઠળ રાજ્ય સરકાર દ્વારા કરાયેલા આગોતરા આયોજન થકી ચક્રવાતમાં નજીવું નુકશાન થયું છે. ચક્રવાત બાદ જનજીવન પુનઃધબકતું કરવા માટે રાજ્ય સરકાર પ્રયત્નશીલ છે. આ પ્રસંગે કેબિનેટ મંત્રીના હસ્તે પશુમૃત્યુના કેસમાં પાંચ પશુપાલકોને સહાય ચેકનું વિતરણ કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે ઉપસ્થિત અબડાસા વિસ્તારના ધારાસભ્ય પ્રદ્યુમનસિંહ જાડેજાએ પણ ખેડૂતોને થયેલા નુકસાનનો ચિતાર આપ્યો હતો.

મંત્રીએ ત્યારબાદ માંડવી તાલુકાના ગઢશીશાના વરઝડી વિસ્તારમાં વિશનજી પ્રેમજી ભગતની વાડીની મુલાકાત લઈને પડી ગયેલા આંબાના ઝાડને પુનર્જીવિત કરવાની કામગીરીનું નિરીક્ષણ કર્યું હતું. આણંદ કૃષિ યુનિવર્સિટીના નિષ્ણાતો દ્વારા આંબાના ઝાડને કઈ રીતે પુનઃ સજીવન કરી શકાય તે અંગેની પદ્ધતિનું નિદર્શન કરવામાં આવ્યું હતું. તેમજ આ અંગેની સંપૂર્ણ પ્રક્રિયાની માહિતી મંત્રીને આપવામાં આવી હતી.

મંત્રીએ મઉ ખાતે ખેડૂત બટુકસિંહ જાડેજાની વાડીની મુલાકાત લીધી હતી. આ પ્રસંગે પશુપાલકોની મુલાકાત લઈને પાંચ પશુપાલકોને પ્રતિકાત્મક સહાય ચેકનું વિતરણ કરવામાં આવ્યું હતું.

કેબિનેટ મંત્રીએ મુન્દ્રા તાલુકાના ભુજપુર વાડી વિસ્તારમાં ખેડૂતો ખેંગુભા રવુભા જાડેજા તથા વિશ્રામભાઈ ગઢવીની વાડીની મુલાકાત લઈને તાલુકામાં ખારેકના તેમજ આંબાના પડી ગયેલા ઝાડની નુકસાનીની માહિતી મેળવી હતી. તેમજ વહેલી તકે ખેડૂતોને કઈ રીતે મદદરૂપ બની શકાય તે અંગે ખેડૂતોની રજૂઆતોને જાણી હતી. આ તકે મુન્દ્રા તાલુકાના પાંચ પશુપાલકોને પ્રતિકાત્મક સહાય ચેકનું વિતરણ કરવામાં આવ્યું હતું.

ભુજપુર ખાતે મંત્રીએ મુન્દ્રા તાલુકાના ખેડૂતો સાથે બેઠક કરી હતી જેમાં ખાસ કરીને આ વિસ્તારમાં ખારેકના ઝાડને થયેલા નુકસાન અંગેની જાણકારી મેળવી હતી, તેમજ પડી ગયેલા ખારેકના ઝાડોનો વહેલામાં વહેલી તકે કઈ રીતે નિકાલ કરી શકાય તેમજ ખેડૂતોને ઝડપથી બેઠા કરવા શું કરી શકાય તે અંગે ચર્ચા કરી હતી. બેઠકમાં પાંજરાપોળને થયેલા નુકસાન અંગે પણ સંચાલકોએ રજૂઆત કરી હતી. આ સાથે ખેડૂતોએ ખારેકના મધર પ્લાન્ટના ટીશ્યુ રોપા વહેલામાં વહેલી તકે ખેડૂતોને મળી રહે તો તે ઝડપથી બેઠા થઈ શકે અને આ કામગીરીમાં સરકાર સહયોગ આપે તે અંગે રજૂઆત કરી હતી. આ ઉપરાંત વહેલી તકે ખેતીક્ષેત્રમાં વીજ પુરવઠો ચાલુ કરવામાં આવે તે અંગે પણ ઉપસ્થિત કિસાનોએ માંગણી કરી હતી.

બેઠકમાં મંત્રીએ ખેડૂતોને ધરપત આપતા જણાવ્યું હતું કે, સમગ્ર તારાજીનો તેઓએ રૂબરૂ ચિતાર મેળવ્યો છે ત્યારે કચ્છના બાગાયતી પાકોને થયેલા નુકસાન અંગેનો અહેવાલ તેઓ મુખ્યમંત્રી શ્રી ભુપેન્દ્ર પટેલ સમક્ષ રજૂ કરશે અને ખેડૂતોને વધુમાં વધુ સહાય મળે તેવા પ્રયત્નો કરવામાં આવશે. તેમણે ખેડૂતોની ખમીરીને બિરદાવતા આ કપરી પરિસ્થિતિમાં ધીરજ જાળવી સરકારના પ્રયત્નોમાં સહયોગ આપવા રાખવા માટે અપીલ કરી હતી. ધારાસભ્ય અનિરુદ્ધભાઈ દવે બેઠકમાં ઉપસ્થિત રહ્યા હતા અને તેમણે ખેડૂતોને રાજ્ય સરકાર તમામ પ્રકારે સહયોગ આપશે તેવી ખાતરી આપી હતી.

## હવે ટેક્નોલોજીથી વરસાદ પાડી શકાશે

# IIT કાનપુરે નવી ટેક્નોલોજીથી વરસાદનું સફળ ટેસ્ટિંગ કર્યું

(સંપૂર્ણ સમાચાર સેવા)

કાનપુર, તા.૨૪

દેશમાં હવે તે દિવસો દુર નથી... કે જ્યારે વરસાદ નહીં હોય તો ટેકનોલોજી દ્વારા પણ વરસાદ પાડી શકાશે, કારણ કે આવું જ એક કારનામું આઈઆઈટીકાનપુર દ્વારા સામે આવ્યું છે.

દેશની દિગ્ગજ આઈઆઈટીયુનિવર્સિટીકાનપુરે નવીન ટેકનોલોજીનો ઉપયોગ કરી વરસાદનું સફળ ટેસ્ટિંગ કર્યું છે. ક્લાઉડ સીડિંગ દ્વારા વરસાદ પાડવામાં આઈઆઈટીકાનપુરે મોટી સફળતા મેળવી છે.

આઈઆઈટીકાનપુરે ક્લાઉટ સીડિંગ દ્વારા એક ઉડ્ડયનનું સફળ પરીક્ષણ કર્યું છે. આઈઆઈટીકાનપુર દ્વારા નિવેદનમાં જણાવાયું કે, સંસ્થા દ્વારા ગત ૨૧મી જૂને ક્લાઉટ સીડિંગ માટે એક ટેસ્ટિંગનું આયોજન કર્યું... થોડા વર્ષો પહેલાં જ આઈઆઈટીકાનપુરમાં આ પ્રોજેક્ટ પર કામ શરૂ કરવામાં આવ્યુંહતું અને કોમ્પ્યુટર વિજ્ઞાન અને એન્જિનિયરિંગ વિભાગના પ્રોફેસર મનિન્દ્ર અગ્રવાલ આ પ્રોજેક્ટની આગેવાની કરી રહ્યા છે. ડીજીસીએ (ડાયરેક્ટોરેટ જનરલ ઓફ સિવિલ એવિએશન)ની મંજૂરી મળ્યા બાદ આ ટેસ્ટિંગ કરવામાં આવ્યું છે.

ક્લાઉડ સીડીંગમાં વિવિધ રાસાયણિક એજન્ટો જેમ કે સિલ્વર આયોડાઈડ, ડ્રાય આઈસ, મીઠું અને અન્ય તત્વોનો ઉપયોગ વરસાદની સંભાવનાને વધારવાના હેતુથી થાય છે. પ્રોફેસર મનિન્દ્ર અગ્રવાલે પ્રોજેક્ટ અંગે જણાવ્યું કે, અમને ખુશી છે કે ક્લાઉડ સીડિંગ દ્વારા કરાયેલું અમારું પરીક્ષણ સફળ થયું છે. સફળ પરીક્ષણ ઉડાનનો અર્થ એ છે કે, અમે હવે પછીના તબક્કામાં ક્લાઉડ સીડિંગ કરવા અને તેને સફળ બનાવવા માટે તૈયાર છીએ. તેમણે વધુમાં જણાવ્યું કે, અમે છેલ્લા કેટલાક વર્ષોથી આ પ્રોજેક્ટ પર કામ કરી રહ્યા છીએ. કોવિડ રોગચાળાને કારણે આ પ્રોજેક્ટને શરૂ કરવામાં વિલંબ થયો હતો પરંતુ હવે ઢય્ઝછ દ્વારા મંજૂરી અને પ્રથમ પરીક્ષણ સફળતાપૂર્વક પૂર્ણ થયા બાદ અમે સેટઅપ પૂર્ણ કરવાની નજીક પહોંચી ગયા છીએ. ક્લાઉટ સીડિંગ લગભગ ૫૦૦૦ ફૂટની ઊંચાઈ સુધી ઉડાવાયું અને પરીક્ષણ પૂર્ણ કર્યા બાદ ક્લાઉટ સીડિંગ કાનપુર ફ્લાઈટ લેબ વિમાની મથક પર પરત લવાયું હતું.

## આપની આવતીકાલ કેવી જશે...?

**:: રત્નકણીકા ::**

જેનું મન, કર્મ અને વચન એક જ છે તે મહાત્મા છે.

- પ.પૂ. રણછોડદાસજી મહારાજ

**: આજનું પંચાંગ :**

વિક્રમ સં. ૨૦૭૯, શા. શાકે. ૧૯૪૫, પા.બહમન-૧૩૯૨, મુ. જીલ્હજ-૧૪૪૪, જૈન વીર સં.-૨૫૪૯, કચ્છી સં. ૨૦૮૦, અષાઢ સુદ-૬ કુમાર ષષ્ઠી, કસુંબા છઠ્ઠ તા.૨૪ જૂન ૨૦૨૩, શનિવાર, પારસી તા.૧૩, મુસ્લિમ તા.૫, મઘા નક્ષત્ર, સિધ્ધિ યોગ, કૌલવ કરણ, સૂ.ઉ.૬:૦૭, સૂ.અ.૭:૩૯

આજનો દિવસ અશુભ છે.

આજે જન્મેલા બાળકની રાશી સિંહ (મ ટ) છે.

- કનકચંદ્ર સી. વ્યાસ

મેષ: ધાર્યા કાર્યમાં વિલંબ થાય. આર્થિક સમસ્યા હળવી બને.
વૃષભ: મનની ચંચળતા દૂર થાય. કર્મક્ષેત્રે સફળતા મળે.
મિથુન: કાર્યબોજમાં વધારો થાય. વ્યર્થ દોડાદોડી રહે.
કર્ક: માનસિક પ્રફુલિતતા રહે. આર્થિક ચિંતા દૂર થાય.
સિંહ: સાહસિક કાર્યમાં સફળતા મળે. આકસ્મીક ધન લાભ થાય.
કન્યા: ગૃહવિવાદ, પુરૂષાર્થનું શુભ ફળ મળે.
તુલા: પ્રવાસ ટાળવો હિતાવહ. આરોગ્ય બાબતે સંભાળવું.
વૃશ્ચિક: બગડેલા કાર્યો સુધરે. સંતાનથી લાભ થાય.
ધન: માનસિક ચિંતા દૂર થાય. આવકમાં વૃધ્ધિ થાય.
મકર: મહત્વની તક સાંપડે. સામાજિક પ્રતિષ્ઠામાં વધારો થાય.
કુંભ: વ્યર્થ વાદ-વિવાદથી દૂર રહેવું. કર્મક્ષેત્રે પરિવર્તનનો માર્ગ ખુલે.
મીન: સંપતિ સંબંધિ કાર્યમાં સફળતા મળે.

# અમદાવાદ રથયાત્રા વખતે ગુમ થયેલા બાળકો, મહિલાઓ સહિત ૭૨ દર્શનાર્થીઓનું CID ક્રાઈમની ખાસ ટીમે પરિવાર સાથે સુખદ મિલન કરાવ્યું

(જી.એન.એસ), અમદાવાદ,તા.૨૪

અમદાવાદ ખાતે યોજાયેલી ૧૪૬મી રથયાત્રા ખાતે દર્શને આવેલા દર્શનાર્થીઓ પૈકી ગુમ થઈ ગયેલા બાળકો, મહિલાઓ તેમજ વડીલો સહિત ૭૨ દર્શનાર્થીઓ રથયાત્રાની ભારે ભીડમાં ગુમ થઈ ગયા હતાં. રથયાત્રા દરમિયાન બાળકો, મહિલાઓ તેમજ વડીલોને સહાયરૂપ થવા માટે બનાવાયેલી "સ્પેશિયલ-૫૬" ટીમ દ્વારા આ વિખૂટા પડી ગયેલા ૭૨ લોકોનું તેમના પરિવાર સાથે પુનઃ મિલન કરાવી આ પરિવારોના ચહેરા પર સ્મિત રેલાવવાનું પ્રસંશનીય કામ કર્યું છે. તે બદલ ગૃહ રાજ્ય મંત્રી હર્ષ સંઘવીએ મહિલા અને બાળ મિત્રની "સ્પેશ્યલ -૫૬" ટીમને અભિનંદન પાઠવ્યા છે.

ભગવાન જગન્નાથજીની અમદાવાદ ખાતે યોજાયેલી રથયાત્રામાં નાના બાળકો, મહિલાઓ તથા વડીલોને ખાસ સહાયરૂપ થવા માટે જગન્નાથ મંદિર તથા સરસપુર ખાતે સી.આઈ.ડી ક્રાઈમના "મહિલા અને બાળ મિત્ર" **(FFWC - Friends for women & child)**ના અમદાવાદ શહેરના સક્રિય ૫૬ સભ્યોની ફાળવણી કરી "સ્પેશ્યલ -૫૬" ટીમ બનાવાઈ હતી. રથયાત્રા દરમિયાન દર્શનાર્થીઓની ભારે ભીડમાં ગાયકવાડ હવેલી પોલીસ સ્ટેશન હદ વિસ્તારમાંથી ૧૨ બાળકો, ૯ મહિલાઓ, ૭ વડીલો તેમજ ૧૨ પુરુષો ગુમ થઈ ગયા હતા. તે ઉપરાંત સરસપુર શહેર કોટડા વિસ્તારમાંથી ૧૮ બાળકો, ૬ મહિલાઓ અને ૮ પુરુષો ગુમ થયા હતાં. આ તમામ ૭૨ ગુમ થયેલા નાગરિકોમાં ૩૦ બાળકો, ૧૫ મહિલાઓ અને ૭ વડીલો હતા. ઉપરાંત પાંચ વર્ષના એક મૂક બાળકનો પણ તેમાં સમાવેશ થતો હતો.

પરિવારથી વિખૂટા પડી ગયેલા આ તમામ ૭૨ લોકોને "સ્પેશ્યલ -૫૬" ટીમે પોતાના પરિવાર સાથે પુનઃ મિલન કરાવ્યું છે. આ સરહાનીય કામગીરી બદલ ગૃહ રાજ્ય મંત્રી હર્ષ સંઘવીએ સમગ્ર ટીમને અભિનંદન આપી કામગીરીને બિરદાવી છે.

# સરકારની ડ્રગ્સના દૂષણ વિરુદ્ધ કાર્યવાહી પર હાઈકોર્ટે સંતોષ વ્યક્ત કર્યો




(જી.એન.એસ)અમદાવાદ,તા.૨૪

અમદાવાદ શહેર સહિત રાજ્યભરમાં ડ્રગ્સના દૂષણમાં ઉત્તરોત્તર વધારો જોવા મળ્યો છે તેની સામે અમદાવાદ પોલીસની સાથે સાથે સ્ટેટ લેવલની વિવિધ એજન્સીઓ પણ સતત કાર્યવાહી કરી રહી છે. તેવામાં ડ્રગ્સના દૂષણ ને અટકાવવા માટે રાજ્ય સરકારની કામગીરી પર ગુજરાત હાઈકોર્ટ સંતોષ વ્યક્ત કર્યો છે.થોડા સમય અગાઉ અમદાવાદ શહેરમાં ડ્રગ્સના વેચાણ માટે બાળકોનું ઉપયોગ થતો હોવા મામલે રાજ્યની વડી અદાલતે સ્વતઃ સંજ્ઞાન લઈ જાહેરહિતની અરજી દાખલ કરી હતી તેમાં રાજ્ય સરકાર સહિતના સંબંધિત વિભાગોને નોટિસ પાઠવી કાર્યવાહી કરવા માટે જણાવ્યું હતું.જે સંદર્ભે રાજ્ય સરકારે અને ગૃહવિભાગે તાત્કાલિક આદેશો પણ આપ્યા હતા જે સંદર્ભે કેટલાક લોકોના અટકાયતી પગલા પણ ભરવામાં આવ્યા હતા. આ ઉપરાંત અમદાવાદ શહેરની તમામ શાળા કોલેજોની આસપાસના વિસ્તારમાં પણ સઘન ચેકિંગ કરવામાં આવ્યુંહતું અને ડ્રગ્સ ની સાથે સાથે ઈ-સિગરેટ ના વધતા વ્યાપને અટકાવવા માટે પણ યોગ્ય કાર્યવાહી કરવામાં આવી હતી.અમદાવાદ શહેરમાં ડ્રગ્સના દૂષણ સામે કાર્યવાહી કરવા માટે અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચની સાથે સાથે સ્પેશિયલ ઓપરેશન ગ્રુપ એટલે કે એસ.ઓ.જીનાં ઉચ્ચ અધિકારીઓને વિશેષ કામગીરી આપવામાં આવી હતી. અધિકારીઓ અને તેમની ટીમને કરેલી કામગીરીનો વિગતવાર રિપોર્ટ સોગંદનામાં સ્વરૂપે ગુજરાત હાઈકોર્ટમાં દાખલ પણ કરવામાં આવ્યો હતો જેને લઈને ગુજરાત હાઈકોર્ટ સંતોષ વ્યક્ત કર્યો હતો.રાજ્ય સરકાર ગુજરાત હાઈકોર્ટમાં માહિતી આપી હતી કે રાજ્યના ગૃહ વિભાગે તમામ પોલીસ કમિશનરની સાથે સાથે જિલ્લા પોલીસ વડાઓને વિવિધ જગ્યાએ અવેરનેસ કાર્યક્રમ કરવા નિર્દેશો આપ્યા હતા આ ઉપરાંત વિવિધ સામાજિક સંગઠનોના માધ્યમથી શાળા કોલેજોમાં જાગૃતિના કાર્યક્રમો અને સેમિનારો પણ યોજ્યા હતા. સમગ્ર માહિતી બાદ ગુજરાત હાઈકોર્ટે કહ્યું હતું કે હજુ પણ આશા રાખીએ છે કે ગુજરાત પોલીસ ડ્રગ્સ સામેની કાર્યવાહી ચાલુ રાખશે અને કસૂરવારો સામે યોગ્ય પગલાઓ પણ ભરશે.ગુજરાત હાઈકોર્ટમાં સરકારી વકીલ મનીષા લવ કુમાર શાહે પણ રાજ્ય સરકાર વતી કોર્ટને આ સ્વસ્થ કર્યા હતા કે રાજ્ય સરકાર હંમેશા ડ્રગ્સના દુષણ ને ડામવા માટે કટિબંધ છે અને કડક કાર્યવાહી હંમેશા ચાલુ રહેશે અને આ બાદ કોર્ટ જાહેર હિતની અરજીનો નિકાલ કર્યો.

# સ્કૂલોમાં બીજા અને ચોથા શનિવારે રજા રાખવા સંચાલક મંડળની માંગ

## સંચાલક મંડળ દ્વારા રાજ્યના મુખ્યમંત્રીને પત્ર લખીને રજૂઆત કરી

અમદાવાદ, તા.૨૪

રાજ્યમાં આવેલી તમામ સ્કૂલોમાં હાલમાં શનિવારના રોજ અડધા દિવસનું શૈક્ષણિક કાર્ય કરાવવામાં આવે છે તેના બદલે બીજા અને ચોથા શનિવારના રોજ રજા આપવામાં આવે તે માટે સંચાલક મંડળ દ્વારા રાજ્યના મુખ્યમંત્રીને પત્ર લખીને રજૂઆત કરાઈ છે. પહેલા અને ત્રીજા શનિવારના રોજ નિયમિત સ્કૂલ રાખીને અન્ય બે શનિવારના રોજ રજા રાખવામાં આવે તેવી માંગણી પણ વહેલી તકે નિર્ણય લેવાય તેમ પણ જણાવાયું છે. ગુજરાત રાજ્ય શાળા સંચાલક મહામંડળ દ્વારા મુખ્યમંત્રીને પત્ર લખીને રજૂઆત કરવામાં આવી છે. જેમાં જણાવાયું છે કે, રાજ્ય અને કેન્દ્રમાં પ્રત્યેક મહિનાનો બીજો અને ચોથો શનિવાર જાહેર રજા હોય છે. જેથી રાજ્યના અને કેન્દ્રના કર્મચારીઓ ઘરે હોય છે. રિઝર્વ બેંકના નિયમો અનુસાર બીજા અને ચોથા શનિવારે સહકારી અને સરકારી બેંકોમાં પણ કામકાજ સંપુર્ણ બંધ હોય છે. શનિવારના રોજ રાજ્યની સ્કૂલોમાં પાંચ તાસનું શિક્ષણકાર્ય ચાલતુ હોય છે. જેમાં પ્રથમ તાસ સમુહ કવાયત અથવા સમુહ જીવનનો હોય છે. આમ, શનિવારે ભણવા માટેના તાસની સંખ્યા ૪ જ હોય છે. ભણવાના ૪ તાસનો ટાઈમટેબલ પણ એ રીતે ગોઠવવામાં આવે છે કે કમ્પ્યુટર, ચિત્રકામ, સંગીત, ઉદ્યોગ અને ગેમ્સના તાસ શનિવારના રોજ આવે. આમ, શનિવારના રોજ મુખ્ય વિષયોનું શૈક્ષણિક કાર્ય ઓછું રહે છે અથવા તો રહેતું નથી. મહિનામાં ૪ શનિવારમાં જે કાર્યભાર શિક્ષણનો હોય છે અને અડધા દિવસનો શાળા સમય હોય છે તેના બદલે પહેલા અને ત્રીજા શનિવારમાં ૮ તાસનું શિક્ષણ કાર્ય રાખવામાં આવે અને બીજા તથા ચોથા શનિવારના રોજ રજા આપવામાં આવે તો વિદ્યાર્થીઓ પોતાના વાલી સાથે સમગ્ર દિવસ રહી શકે. શાળામાં ૨ દિવસ શિક્ષણ કાર્ય બંધ રહે તો વાહનવ્યવહારમાં ખર્ચ થતો ડીઝલ, પેટ્રોલનો બચાવ થાય, શાળામાં વપરાતી વીજળી અને પાણીની બચત થાય, શાળામાં આવવાના રસ્તા ઉપર થતો ટ્રાફિક જામ ન થાય અને શાળા મેનેજમેન્ટને બિલ્ડીંગ ખાલી હોય તો પાણીની ટાંકીની સફાઈ, મેદાનની સફાઈ, જનરલ સાફ સફાઈ અને મેઈન્ટેનન્સના કામો કરાવવા માટે પણ અનુકુળતા રહે.

# રાજ્યની ગ્રાન્ટેડ શાળાઓના કર્મીઓને લાંબા વિલંબ બાદ એરિયર્સ હવે મળશે

ગાંધીનગર, તા.૨૪

રાજ્યની ગ્રાન્ટેડ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાના શિક્ષક સહિતના ૬૦ હજાર કર્મચારીઓને સાતમા પગારપંચના તફાવતનો ચોથો હપ્તો લાંબા સમયના વિલંબ બાદ ચૂકવવાનો સરકાર દ્વારા નિર્ણય લેવાયો છે. અત્રે ઉલ્લેખનીય છે કે, ગ્રાન્ટેડ શાળાઓના કર્મચારીઓને સાતમા પગાર પંચના તફાવતની રકમ પાંચ વર્ષમાં પાંચ સરખા હપ્તામાં ચૂકવવા માટે ઠરાવ થયો હતો. જેમાં અત્યાર સુધી ત્રણ હપ્તા ચૂકવાયા છે અને હવે ચોથો હપ્તો ચૂકવાશે. જેથી હજુ પણ ગ્રાન્ટેડ શાળાઓના શિક્ષક સહિતના કર્મચારીઓનો પાંચમો હપ્તો બાકી રહેશે. રાજ્યની ગ્રાન્ટેડ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓના શૈક્ષણિક અને બિન શૈક્ષણિક કર્મચારીઓને સાતમા કેન્દ્રીય પગારપંચની ભલામણો પ્રમાણે સુધારેલા પગાર ધોરણનો લાભ આપવા માટે ૨૦૧૭માં ઠરાવ બહાર પડાયો હતો. આ ઠરાવની શરત અનુસાર પગાર તફાવતની રકમ પાંચ સરખા વાર્ષિક હપ્તામાં ચૂકવવાનો નિર્ણય લેવાયો હતો જે અનુસાર ત્રણ હપ્તાની ચૂકવણી કરી દેવામાં આવી છે. જ્યારે ચોથો અને પાંચમો હપ્તો ચૂકવવાનો બાકી છે. રાજ્યની ગ્રાન્ટેડ શાળાઓના કર્મચારીઓને ૧ જાન્યુઆરી, ૨૦૧૬થી ૩૧ જુલાઈ, ૨૦૧૭ના સમયગાળાના પગાર તફાવતની રકમના પાંચ સરખા વાર્ષિક હપ્તા પૈકી ચોથા હપ્તાની ચૂકવણી કરવાની વિભાગ દ્વારા મંજૂરી અપાઈ છે. આ અંગે ઉચ્ચતર માધ્યમિક શિક્ષક સંઘના પૂર્વ પ્રમુખ પંકજ પટેલે જણાવ્યું હતું કે, શિક્ષણ વિભાગ દ્વારા ૧૫-૧૧-૨૦૧૮ના રોજ ગ્રાન્ટેડ શાળાના શિક્ષકો તથા કર્મચારીઓને પાંચ વર્ષના હપ્તામાં સાતમા પગાર પંચનો તફાવત ચૂકવવા માટેનો ઠરાવ કરાયો હતો. પરંતુ સરકાર દ્વારા પોતે જ કરેલા ઠરાવનો અમલ કરાયો નથી. નવેમ્બર ૨૦૨૨ સુધીમાં તમામ હપ્તા પૂર્ણ કરવાના હતા. તેના બદલે હાલ છ માસ પછી ચોથો હપ્તો આપવાની જાહેરાત કરવામાં આવી છે. હજુ પાંચમો હપ્તાની સરકાર દ્વારા કોઈ જાહેરાત કરાઈ નથી. રાજ્યના ૧૦ હજાર કરતા વધુ શિક્ષકો, ક્લાર્ક અને આચાર્ય નિવૃત્ત પામ્યા છે તેમની સ્થિતિ કફોડી છે. તેમના બેંક ખાતા પણ બંધ થઈ ગયા છે. તેમના સ્વજનોને આ હપ્તા કેવી રીતે લેવા તેની કોઈ પ્રક્રિયાની ખબર નથી, માટે નિવૃત્ત શિક્ષકો-કર્મચારીઓને પાંચમો હપ્તો પણ તાકીદે સરકારે આપવો જોઈએ. ઉપરાંત નિવૃત્ત થયેલા શિક્ષકો પૈકી ૪૦૦ જેટલા શિક્ષકો તો મૃત્યુ પામ્યા છે તેમને પણ પાંચમા હપ્તાની સાથે જ ચૂકવણી કરવી જોઈએ તેવી તેમણે માંગણી કરી છે.


# મળો IIT બાદ IAS ઓફિસર બનનાર સિમી કરણને જેમને ગરીબ બાળકોની મદદ કરવાથી પ્રેરણા મળી, UPSCમાં ઓલ ઈન્ડિયા ૩૧મો રેન્ક મેળવ્યો

(એજન્સી) તા.૨૪

યુનિયન પબ્લિક સર્વિસ કમિશન (UPSC)ની સિવિલ સર્વિસ પરીક્ષા એ દેશની સૌથી અઘરી પરીક્ષાઓમાંની એક છે. જે ક્વોલિફાઈ કરવામાં સારામાં સારા વિદ્યાર્થીઓ થાપ ખાઈ જાય છે. પરંતુ આજે અમે તમને એવા વ્યક્તિત્વનો પરિચય કરાવી રહ્યા છીએ, જેમણે માયાનગરી મુંબઈની ઝૂંપડપટ્ટીમાં ભણાવતા UPSC સિવિલ સર્વિસ પરીક્ષા પાસ કરી એટલું જ નહીં, પરંતુ ભારતીય વહીવટી સેવામાં ઓલ ઈન્ડિયામાં ૩૧મો રેન્ક પણ મેળવ્યો અને IAS અધિકારી પણ બન્યા. તેમની મહેનત અહીં અટકી ન હતી, તેમણે તેના તાલીમ સમયગાળા દરમ્યાન શ્રેષ્ઠ તાલીમાર્થી અધિકારીનું બિરૂદ પણ મેળવ્યું હતું. હવે રાષ્ટ્રીય રાજધાની દિલ્હીના કેન્દ્રીય સચિવાલયનો કોરિડોર તેમની પ્રતિભાના સાક્ષી બનવા આતુર છે. અમે વાત કરી રહ્યા છીએ UPSC સિવિલ સર્વિસ પરીક્ષા ૨૦૧૯ ટોપર અને ૨૦૨૦ બેચના IAS ઓફિસર સિમી કરણ વિશે. ઓડિશાની સિમી કરણ IIT બોમ્બેની ભૂતપૂર્વ વિદ્યાર્થી રહી ચૂકી છે. બી.ટેકના અભ્યાસ દરમ્યાન તેમને મુંબઈની ઝૂંપડપટ્ટીમાં રહેતા બાળકોને ભણાવવાની તક મળી. જ્યારે તેમણે આ બાળકોની હાલત જોઈ તો તેને ખૂબ જ ખરાબ લાગ્યું અને તેણે વિચાર્યું કે આ બાળકોને મદદ કરવી જોઈએ. ત્યારથી સિમી કરણે સિવિલ સર્વિસમાં જોડાવાનું નક્કી કર્યું હતું. સિમી કરણ ઓડિશાની છે અને તેણે પોતાનું સ્કૂલિંગ છત્તીસગઢના ભિલાઈમાં કર્યું છે. તેમના પિતા ભિલાઈ સ્ટીલપ્લાન્ટમાં કામ કરતા હતા, જ્યારે તેમની માતા શિક્ષિકા હતી. સિમી બાળપણથી જ આશાસ્પદ વિદ્યાર્થી હતી. તેણે ધોરણ ૧૨ પછી એન્જિનિયરિંગમાં જવાનું નક્કી કર્યું. ઈલેક્ટ્રિકલ એન્જિનિયરિંગની ડિગ્રી મેળવવા માટે તેઓ IIT બોમ્બેમાં જોડાયા. પરંતુ તેનુ એન્જિનિયર બનવાનું સપનું ત્યારે બદલાઈ ગયું જ્યારે તેને ત્યાંની ઝૂંપડપટ્ટીમાં બાળકોને ભણાવવાની તક મળી. આ પછી તેણે યુપીએસસીની તૈયારી કરવાનું નક્કી કર્યું. UPSCની તૈયારી માટે, SIMIએ ખૂબ જ એકાગ્રતા સાથે UPSC ટોપર્સના ઈન્ટરવ્યુ જોયા. પછી તેણે ઈન્ટરનેટ ઉપર યુપીએસસીનો અભ્યાસક્રમ સારી રીતે વાંચ્યો અને તે મુજબ પુસ્તકો એકત્રિત કરવાનું શરૂ કર્યું. મર્યાદિત સંખ્યામાં પુસ્તકો સાથે, સિમ્મી તેની તૈયારી શરૂ કરવાનું નક્કી કરે છે. તેમજ તેણે તેના અભ્યાસક્રમને નાના ભાગોમાં વિભાજિત કર્યો જેથી તે યોગ્ય રીતે અભ્યાસ કરી શકે. છેલ્લે ૨૦૧૯માં સિમીએ UPSC ઓલ ઈન્ડિયા ૩૧મો રેન્ક મેળવ્યો અને IAS ઓફિસર બની.

# કર્ણાટકમાં કોંગ્રેસ સરકારે RSSના સ્થાપકનું પ્રકરણ પડતું મૂક્યું, પાઠ્યપુસ્તકોમાં આંબેડકર, નેહરૂને પાછા લવાયા

નવી દિલ્હી, તા.૨૪



કર્ણાટક કેબિનેટે રાજયની શાળાઓમાં કન્નડ અને સામાજિક વિજ્ઞાન ઉપરના પાઠ્યપુસ્તકોના સંશોધનના સેટને મંજૂરી આપી હતી. આ સંશોધનો આરએસએસના સ્થાપક કેશવ બલીરામ હેડગેવાર ઉપરના પ્રકરણો દૂર કરશે જ્યારે સાવિત્રીબાઈ ફૂલે, ચક્રવર્તી સુલીબેલે, જવાહરલાલ નેહરૂના ઈન્દિરા ગાંધીને લખેલા પત્રો અને બી.આર. આંબેડકર ઉપરની કવિતાઓ ઉમેરશે. ટૂંકમાં કર્ણાટકની કોંગ્રેસ સરકાર અગાઉની ભાજપ સરકાર દ્વારા જે પણ ફેરફારો લાવવામાં આવ્યા હતા તે પૂર્વવત્ કરી રહી છે. નિર્ણયની ઘોષણા કરતાં કર્ણાટકના શિક્ષણપ્રધાન મધુ બંગરપ્પાએ જણાવ્યું હતું કે, ‘તેમણે (અગાઉની ભાજપ સરકારે) ગયા વર્ષે જે પણ ફેરફારો કર્યા હતા અમે બસ ફક્ત તેમને ફરીથી રજૂ કર્યા છે. આ સંશોધનો ધો.૬થી ધો.૧૦ના વિદ્યાર્થીઓ માટે કન્નડ અને સામાજિક વિજ્ઞાનના પાઠ્યપુસ્તકોને અસર કરશે. જે પ્રકરણો ઉમેરવામાં આવી રહ્યા છે તે પૂરક પાઠો તરીકે હમણાં પૂરતું શીખવવામાં આવશે, કારણ કે, શૈક્ષણિક વર્ષ માટેના પાઠ્યપુસ્તકો પહેલેથી જ પ્રસારિત થઈ ચૂક્યા છે. શિક્ષણપ્રધાને જણાવ્યું હતું કે, પાઠ્યપુસ્તકનું પુનરાવર્તન આશરે રૂા.૧૦થી ૧૨ લાખના ખર્ચે કરવામાં આવી રહ્યું છે અને પૂરક પાઠો દસ દિવસમાં વિદ્યાર્થીઓને ઉપલબ્ધ કરાવવામાં આવશે. પાઠ્ય પુસ્તકનું સંશોધન તાજેતરમાં યોજાયેલી કર્ણાટક ચૂંટણી માટે કોંગ્રેસ પાર્ટીના ચૂંટણી ઢંઢેરાને અનુરૂપ છે. ચૂંટણીના ભાગરૂપે, કોંગ્રેસે જ્યારે ભાજપ સત્તામાં હતું ત્યારે શાળાના પાઠ્ય પુસ્તકોમાં કરેલા ફેરફારોને પૂર્વવત્ કરવાનું વચન આપ્યું હતું. કર્ણાટકના કાયદામંત્રી એચ.કે. પાટીલે એમ પણ જણાવ્યું હતું કે, રાજયકેબિનેટે બંધારણની પ્રસ્તાવનાને શાળાઓ અને કોલેજોમાં ગાવામાં આવતા નિયમિત ગીતો સાથે વાંચવાનું ફરજિયાત બનાવવાનો નિર્ણય લીધો છે. રાજયમાં ભાજપ સરકાર દરમ્યાન વિપક્ષ કોંગ્રેસ સાથે વિવાદ થયો હતો અને કેટલાક લેખકોએ આરએસએસ સ્થાપક કેશવ બલીરામ હેડગેવારના ભાષણનો સમાવેશ કરીને કથિત રીતે શાળાના પાઠ્યપુસ્તકોનું ‘ભગવાકરણ’ કરવા બદલ તત્કાલીન પાઠ્ય પુસ્તક સમીક્ષા સમિતિના વડા રોહિત ચક્રતીર્થને હટાવવાની માંગ કરી હતી. જેમાં સ્વાતંત્ર્ય સેનાનીઓ અને સમાજ સુધારકો જેવી મુખ્ય વ્યક્તિઓ અને જાણીતા સાહિત્યિક વ્યક્તિઓના લખાણો ઉપરના પ્રકરણોને બાદ કરવાનું કામ પણ કરાયું હતું.

# PM મોદી અમેરિકાના પ્રવાસમાં અતિ વૈભવી હોટેલમાં રોકાયા; જાણો તેની કિંમત



ન્યૂયોર્ક, તા.૨૪

ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદી અમેરિકાની અત્યંત અપેક્ષિત રાજકીય મુલાકાત માટે ન્યૂયોર્ક સિટી પહોંચ્યા હતા, તે મેડિસનએવન્યુ ઉપર સ્થિત લોટ્ટે ન્યૂયોર્ક પેલેસમાં રોકાયા હતા જે સેન્ટ્રલ પાર્કથી ૧૦થી ૧૨ મિનિટના અંતરે છે. આ એ જ હોટલ છે જ્યાં તે ૨૦૧૯ અને ૨૦૧૪માં ન્યૂયોર્કની તેમની અગાઉની મુલાકાતો દરમ્યાન રોકાયા હતા. ફાઈવ-સ્ટાર હોટેલ કુલ ૭૩૩ ગેસ્ટ રૂમ અને સ્યુટ ધરાવે છે જેમાં તેના ટાવર અને રેગલ સ્યુટ્સમાં વૈભવી આવાસનો સમાવેશ થાય છે. ન્યૂયોર્ક સિટીની જાણીતી હોટેલમાં કિંગ-સાઈઝ બેડ સાથેના રૂમનું ભાડું લગભગ ૪૮,૦૦૦ રૂપિયા પ્રતિ રાત્રિથી શરૂ થાય છે. મોટા અને વધુ સ્પેસના રૂમ માટે દરો વધારે છે જેમાં ભવ્ય ટાવર્સ પેન્ટહાઉસ સ્યુટની કિંમત હોટેલની વેબસાઈટ મુજબ આશરે રૂા.૧૨.૧૫ લાખ પ્રતિ રાત્રી છે. રાષ્ટ્રપતિ જો બાઈડેન અને ફર્સ્ટ લેડી જીલ બાઈડેને વડાપ્રધાન મોદીને ૨૧ જૂનથી ૨૪ જૂન સુધી અમેરિકાની મુલાકાત માટે આમંત્રણ આપ્યું છે. બાઈડેન દંપતી ૨૨ જૂને મોદીના માનમાં રાજકીય ભોજન સમારંભનું આયોજન કર્યુ છે. વધુમાં વડાપ્રધાન અમેરિકી કોંગ્રેસના સંયુક્ત સત્રને સંબોધન કર્યુ હતું આંતરરાષ્ટ્રીય યોગ દિવસના અવસરે વડાપ્રધાન મોદી સંયુક્ત રાષ્ટ્રના મુખ્યાલયમાં યોગ સત્રનું નેતૃત્વ પણ કરેલ હતું આ એક નોંધપાત્ર ઘટના છે, કારણ કે, તે પ્રથમ વખત ખાતરી કરે છે કે, આ પ્રકારની ઉજવણી યુએન હેડક્વાર્ટરમાં થશે, જ્યારે મોદીએ યુએન જનરલ એસેમ્બલીમાં તેમના ભાષણ દરમ્યાન શરૂઆતમાં આ વિચારનો પ્રસ્તાવ મૂક્યો હતો તેના નવ વર્ષ પછી આ ઘટના બની રહી છે. ન્યૂયોર્કમાં તેમના રોકાણ બાદ વડાપ્રધાન મોદી વોશિંગ્ટન ડીસી ગયા હતા જ્યાં તેઓ રાષ્ટ્રપતિ બાઈડેન સાથે મુલાકાત કરી હતી. મોદીએ રાષ્ટ્રપતિ બાઈડેન, પ્રથમ મહિલા અને અન્ય પ્રતિષ્ઠિત મહેમાનોની સાથે રાજકીય ભોજન સમારંભમાં હાજરી આપી હતી.

# રાજ્યમાં મગફળીના પાકમાં સફેદ ઘૈણના ઉપદ્રવ માટે માર્ગદર્શિકા જાહેર



ગાંધીનગર, તા.૨૪

ચાલુ ચોમાસું સીઝનમાં સૌરાષ્ટ્ર વિસ્તારમાં અગત્યનાં ખેતી પાક-મગફળીમાં ઘૈણ નામની જીવાતનો ઉપદ્રવ સામાન્ય રીતે મહદ અંશે જોવા મળતો હોય છે. આ ઘૈણની ઈયળો પહેલાં તંતુમૂળ અને ત્યારબાદ મુખ્ય મુળને કાપીને નુકસાન કરે છે. તેનું નુકસાન ચાસમાં આગળ વધતા મગફળીના છોડ સુકાવાથી ખેતરમાં મોટા ખાલા પડે છે અને મોટા પ્રમાણમાં નુકસાન કરે છે, જો ઘૈણનો ઉપદ્રવ વધુ પડતો જોવા મળે તો ખેડૂતોને સંકલિત જીવાત નિયંત્રણ અંતર્ગત પાક અને જીવાતની પરિસ્થિતિ અનુસાર જરૂરી છે. ઉનાળામાં ઉંડી ખેડ કરવાથી જમીનમાં રહેલા કોશેટા તથા સુષુપ્ત અવસ્થામાં રહેલ પુખ્ત કીટકો (ઢાલિયા) બહાર આવવાથી સૂર્યતાપથી અથવા પરજીવીઓ અને પરભક્ષીઓથી તેનો નાશ થશે. શરૂઆતનો સારો વરસાદ થયા બાદ ખેતરના શેઢા પાળા ઉપરના તેમજ આજુ-બાજુના બધા જ ઝાડો ઉપર ક્લોરપાયરીફોસ ૨૦ ઈ.સી., ૨૫-૩૦ મી.લી., પ્રતિ ૧૦ લીટર પાણીમાં મીશ્રણ કરી છંટકાવ કરવાથી ઝાડ ઉપર એકઠાં થયેલ ઢાલિયાનો નાશ થશે. આ ઉપરાંત, જમીનમાં પડી રહેલ સુષુપ્ત ઢાલિયા સંધ્યા સમયે જમીનમાંથી બહાર નીકળીને ખેતરના શેઢા-પાળા ઉપર આવેલા બાવળ, બોરડી, સરગવો, લીમડો વગેરે ઝાડના પાન ખાવા આવતા ઢાલિયાને ઝાડના ડાળા હલાવી નીચે પાડી વીણાવી લઈ કેરોસીનવાળા પાણીમાં નાખી નાશ કરવો. ઘૈણના ઢાલિયા કીટકો પ્રકાશ તરફ આકર્ષાતા હોવાથી રાત્રિ દરમ્યાન પ્રકાશ પીંજર ગોઠવી આકર્ષાયેલા ઢાલિયા ભેગાં કરી તેનો નાશ કરવો. દીવેલીનો ખોળ ૫૦૦ કિ.ગ્રા./હેકટર પ્રમાણે વાવેતર પહેલા ચાસમાં આપવાથી ઘૈણ ઉપરાંત મગફળીના પાકમાં ડોડવાને નુકસાન કરતી જીવાતો સામે રક્ષણ આપી શકાય છે. ચોમાસામાં મગફળીમાં પિયત ન આપવાનું હોય ત્યારે આ જીવાતના નિયંત્રણ કરવા માટે દવા પાણીમાં ઓગાળી તેના મિશ્રણને ૧૦૦ કિલો જીણી રેતીમાં ભેળવી ત્યારબાદ રેતી સુકવી, આ રેતી એક હેકટર વિસ્તારમાં છોડના થડ પાસે પુખવી, ત્યારબાદ જો વરસાદ ન હોય તો હળવું પિયત આપવું જોઈએ. આ ઉપરાંત મીથોકસી બેન્ઝીન નામનું રસાયણ બજારમાં ઉપલબ્ધ છે જે આ જીવાતના એગ્રીગેશન એટલે કે બધા પુખ્ત એકઠા કરવાના ફેરોમોન તરીકે કામ કરે છે. તેનો ઉપયોગ કરી ઢાલિયાની વસ્તીને કાબૂમાં રાખી શકાય. આ તૈયાર થયેલ ફેરોમોન ટ્રેપને વચ્ચેથી વાળી ઝાડની ડાળી પર લટકે તેવી ગોઠવણ કરવી. આ અંગે વધુ જાણકારી જે તે વિસ્તારના ગ્રામસેવક, વિસ્તરણ અધિકારી, કે.વી.કે., ખેતી અધિકારી, તાલુકા અમલીકરણ અધિકારી, મદદનીશ ખેતી નિયામક, જિલ્લા ખેતીવાડી અધિકારી, નાયબ ખેતી નિયામક(વિ.), નાયબ ખેતી નિયામક (તાલીમ) અથવા કિસાન કોલસેન્ટર ટોલ ફી નંબર ૧૮૦૦ ૧૮૦૧૫૫૧ નો સંપર્ક કરવા ખેતી નિયામકની યાદીમાં વધુમાં જણાવવામાં આવ્યું છે.

# ઉત્તરાખંડમાં છ માસ સુધી હડતાળ ઉપર પ્રતિબંધ મૂકાયો

રાંચી, તા.૨૪

ઉત્તરાખંડના મુખ્યમંત્રી પુષ્કરસિંહ ધામીએ એક મોટો નિર્ણય લીધો છે જેમાં આગામી ૬ મહિના સુધી રાજ્યમાં હડતાળ ઉપર પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે. સરકાર દ્વારા જણાવવામાં આવ્યું છે કે, ચોમાસાની સિઝન અને ચારધામ યાત્રાને ધ્યાનમાં રાખીને આ નિર્ણય લેવામાં આવ્યો છે. રાજ્ય સરકારે આ અંગે જાહેરનામું બહાર પાડ્યું છે. ઉત્તરાખંડના ડીજીપી અશોક કુમારે ચારધામ યાત્રામાં ઉમટી પડેલા ભક્તોની ભીડને મંદિરોની ક્ષમતા કરતા વધારે હોવાનું જણાવ્યું હતું અને યાત્રાળુઓને તેમની યાત્રા મુલતવી રાખવાની અપીલ કરી હતી. ડીજીપીએ જણાવ્યું કે, ચારધામ યાત્રા દિવાળી સુધી ચાલુ રહેશે. ડીજીપીએ કહ્યું કે, ઘણા શ્રદ્ધાળુઓ માને છે કે, યાત્રા મે-જૂન મહિનામાં જ ચાલે છે પરંતુ હું તેમને કહેવા માંગુ છું કે તે નવેમ્બરના બીજા સપ્તાહ સુધી એટલે કે તે દિવાળી સુધી ચાલુ રહે છે. તેમણે વધુમાં કહ્યું હતું કે, ઉત્તરાખંડમાં ઓક્ટોબર મહિનો હવામાનની દૃષ્ટિએ ઘણો સારો હોય છે, તેથી શ્રદ્ધાળુઓ અસુવિધાથી બચવા માટે ચારધામ યાત્રા ઉપર આવવાનું મુલતવી રાખી શકે છે. ઉનાળાની રજાઓને કારણે આ દિવસોમાં ચારધામ યાત્રામાં ઘણી ભીડ જોવા મળી રહી છે. બીજી તરફ ચોમાસામાં વરસાદના કારણે પહાડી વિસ્તારોમાં પ્રતિકૂળ સ્થિતિ સર્જાય છે. રાજયમાં વારંવાર બગડતા હવામાનને ધ્યાનમાં રાખીને, મુખ્યમંત્રી પુષ્કરસિંહ ધામીએ પણ યાત્રાળુઓને હવામાનની સ્થિતિ મેળવ્યા બાદ જ યાત્રા ઉપર જવાની અપીલ કરી હતી જેથી તેમને કોઈ સમસ્યાનો સામનો ન કરવો પડે.

# ૧૬ વર્ષની ભારતીય તરૂણીએ સતત પાંચ દિવસ સુધી નૃત્ય કરીને વર્લ્ડ રેકોર્ડ બનાવ્યો

નવી દિલ્હી, તા.૨૪

પ્રતિભા અને સહન શક્તિના અસાધારણ પ્રદર્શનમાં સૃષ્ટિ સુધીર જગતાપ નામની ૧૬ વર્ષની છોકરીએ એક એવું પરાક્રમ કર્યું છે જેણે વિશ્વને આશ્ચર્યમાં મૂકી દીધું છે. મહારાષ્ટ્રના લાતુરની આ નોંધપાત્ર યુવા નૃત્યાંગનાએ વૈશ્વિક મંચ ઉપર અમીટ છાપ છોડીને સૌથી લાંબી ડાન્સ મેરેથોનનો હાલનો રેકોર્ડ તોડી નાખ્યો છે. સૃષ્ટિના પાંચ દિવસ સુધી સતત નૃત્ય કરવાના આ અદ્‌ભૂત પરાક્રમે તેને પ્રતિષ્ઠિત ગિનિસ વર્લ્ડ રેકોર્ડ્‌સમાં યોગ્ય સ્થાન અપાવ્યું છે. સત્તાવાર ઘોષણમાં જણાવવામાં આવ્યું છે કે સૃષ્ટિ સુધીર જગતાપે માત્ર અગાઉનો રેકોર્ડ તોડ્યો નથી પરંતુ ૧૨૭ કલાકનો આશ્ચર્યજનક સમય હાંસલ કરીને પ્રભાવશાળી માર્જિનથી તેને વટાવી દીધો છે. અગાઉના રેકોર્ડ ધારક નેપાળની પ્રતિભાશાળી નૃત્યાંગના બંદના નેપાળએ ૧૨૬ કલાક સુધી અવિરતપણે નૃત્ય કરવાનું ગૌરવ હાંસલ કર્યુ છે. નૃત્ય મેરેથોનના નિયમો અનુસાર, સૃષ્ટિને સંગીતની લય અને માધુર્ય સાથે તાલમેલ બેસાડી તેના પગને સતત ગતિમાં રાખવાની જરૂર હતી. તેમાં સમર્પણ, સહનશક્તિ અને નૃત્ય માટેના જુસ્સાના અપ્રતિમ સ્તરની માંગ છે, જે તમામ સૃષ્ટિએ તેની અસાધારણ મુસાફરી દરમ્યાન પરચો આપ્યો. સૃષ્ટિની અદ્‌ભૂત સિદ્ધિ માત્ર તેની જન્મજાત પ્રતિભા અને નિશ્ચયનું પરિણામ ન હતું. તેણીએ તેના દાદા બબન માને પાસેથી વ્યાપક તાલીમ મેળવી જેમણે તેને યોગ નિદ્રાનું જ્ઞાન આપ્યું જે માર્ગદર્શિત ધ્યાનનું એક સ્વરૂપ છે જેને યોગિક ઊંઘ તરીકે પણ ઓળખવામાં આવે છે. ૧૫ મહિનાની સખત તાલીમ પદ્ધતિએ સૃષ્ટિને તેના મહત્ત્વાકાંક્ષી રેકોર્ડ પ્રયાસ માટે તૈયાર કરવામાં મુખ્ય ભૂમિકા ભજવી હતી. જેણે તેણીને માંગણીયુક્ત ડાન્સ મેરેથોન સહન કરવા માટે જરૂરી માનસિક અને શારીરિક શક્તિ પ્રદાન કરે છે. જ્યારે આ ભયંકર રેકોર્ડ તોડવા પાછળની તેણીની પ્રેરણા વિશે પૂછવામાં આવ્યું ત્યારે, સૃષ્ટિએ ઉત્સાહપૂર્વક નૃત્યની મંત્રમુગ્ધ કળા દ્વારા ભારતનું પ્રતિનિધિત્વ કરવાની તેણીની આકાંક્ષા શેર કરી. તેણીએ આ નોંધપાત્ર સિદ્ધિને તેણીની પ્રતિભા દર્શાવવાની અને વૈશ્વિક પ્લેટફોર્મ ઉપર તેના દેશને ગૌરવ અપાવવાની તક તરીકે જોયું. સૃષ્ટિની તેની કળા પ્રત્યેની અતૂટ પ્રતિબદ્ધતા, તેની શ્રેષ્ઠતાની અવિરત શોધ સાથે, તેણીને વિશ્વભરમાં મહત્ત્વાકાંક્ષી નર્તકો માટે એક અનુકરણીય રોલ મોડેલ બનાવી છે. સૃષ્ટિ સુધીર જગતાપનું નામ નૃત્યના ઈતિહાસમાં હંમેશ માટે કોતરવામાં આવશે જે માનવ ભાવનાના અદમ્ય સ્વભાવના પ્રમાણપત્ર તરીકે સેવા આપે છે. તેણીની અદ્‌ભૂત સિદ્ધિ આપણા બધા માટે જુસ્સા, દઢતા અને અતૂટ નિશ્ચય સાથે કામ કરવાની એક અવિસ્મરણીય સ્મૃતિ આપે છે.


# શ્રી ખોડલધામ ટ્રસ્ટ- કાગવડની યુવા પાંખ કેડીવીએસ દ્વારા રવિવારે સર્વ જ્ઞાતિય રાજકીય કારકિર્દી સેમિનાર

## રાજકારણમાં સક્રિય થવા માટે માર્ગદર્શન આપતો નિઃશુલ્ક સેમિનાર, તમામ પાર્ટીના સભ્યો આવકાર્ય : રાજકોટના મેયર અને શિવરાજ નરેશભાઈ પટેલનું વક્તવ્ય

રાજકોટ, તા.૨૪

શ્રી ખોડલધામ ટ્રસ્ટ- કાગવડની યુવા પાંખ શ્રી ખોડલધામ વિદ્યાર્થી સમિતિ દ્વારા રાજકીય કારકિર્દી માર્ગદર્શનસેમિનારનું આયોજન કરવામાં આવ્યું છે. આ સેમિનારમાં જોડાવા માટે સર્વ જ્ઞાતિના લોકોને આમંત્રણ પાઠવવામાં આવ્યું છે.રાજકારણમાં પ્રવેશ કરવા કડીરૂપ બનતું માર્ગદર્શન એટલે રાજકીય કારકિર્દી ઘડવામાં ચાવીરૂપ બનતો સેમિનારનું આયોજન કરવામાં આવ્યું છે.

શ્રી ખોડલધામ ટ્રસ્ટ દ્વારા અનેક સેવાકીય પ્રવૃત્તિની જ્યોત જલાવી છે, સેવાકીય પ્રવૃત્તિઓની સાથે સાથે શ્રી ખોડલધામ ટ્રસ્ટ- કાગવડ સર્વ સમાજના હિત માટેનું કાર્ય પણ કરી રહ્યું છે ત્યારે શ્રી ખોડલધામ વિદ્યાર્થી સમિતિ એટલે કે કેડીવીએસ મુખ્ય ત્રણ પી થીયરી ઉપર કામ કરે છે. ફર્સ્ટ થિયરી એટલેપોલીસ- પોલીસમાં વધુમાં વધુ વ્યક્તિઓને સરકારી નોકરીઓ તરફ જોડી અને સરકારમાં નોકરી કરે તે માટે કલાસ ચલાવી અસંખ્ય લોકો સરકારની પરીક્ષા પાસ કરી અલગ અલગ જગ્યાએ નોકરી કરી રહ્યા છે. બીજોપી એટલે પ્રેસ- વધુમાં વધુ વ્યક્તિઓ પ્રેસ મીડિયામાં જોડાય અને ફોટોગ્રાફર થી લઈને તંત્રી તથા ચેનલ હેડ બને તે માટે પ્રયત્ન કરવામાં આવી રહ્યા છે.અને ત્રીજો પી એટલે પોલિટિકસ- વધુમાં વધુ વ્યકિતઓ રાજકારણમાં જોડાય અને રાજકારણના માધ્યમથી સમાજથી સમગ્ર રાષ્ટ્રના નિર્માણમાં સહભાગી બને એ માટેનું સંગઠન. ત્યારે શ્રી ખોડલધામ વિદ્યાર્થી સમિતિ દ્વારા સર્વ જ્ઞાતિઓ માટે એક સુંદર મજાની રાજકીય કારકિર્દી ઘડવા માંગતા લોકો માટે સુંદર મજાના સેમિનાર કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. આ સેમિનાર આગામી રવિવાર અને તારીખ ૨૫ - ૬ - ૨૦૨૩ ના રોજ સવારે ૯ વાગ્યાથી શ્રી સરદાર પટેલ ભવન, માયાણી નગર, માલવિયાનગર પોલીસ ચોકી વાળી શેરી, મવડી મેઈન રોડ,રાજકોટ ખાતે યોજાશે. સમગ્ર કાર્યક્રમમાં રાજકીય કારકિર્દીઅંગે માહિતગાર કરવા માટે રાજકોટના મેયર ડોક્ટર પ્રદીપભાઈ ડવ વિશેષ ઉપસ્થિત




રહેવાના છેઅને વિદ્યાર્થીઓને અને યુવાનોને માહિતગાર કરવાના છે. વિશેષ મેયરની રાજકીય સફર વિશે વાત કરવામાં આવે તો સામાન્ય કાર્યકરથી મહેનત કરતા કરતા આજે તેવો રાજકોટના પ્રથમ નાગરિક એટલે કે મેયર તરીકેના પદને શોભાવી રહ્યા છે. ત્યારે એમના અનુભવના નીચોડ અંગેનું માર્ગદર્શન તેઓ આપવાના છે.સાથે સાથે બીજા વક્તા તરીકે શ્રી ખોડલધામ ટ્રસ્ટ- કાગવડના ચેરમેન નરેશભાઈ પટેલના પુત્ર શિવરાજભાઈ નરેશભાઈ પટેલ પણ રાજકીય કારકિર્દી અંગેનું સુંદર મજાનું વકતવ્ય આપવાના છે. શ્રી ખોડલધામ ટ્રસ્ટ-કાગવડ સર્વસમાજની સેવાથી લઈ રાષ્ટ્ર સેવાના સંકલ્પને સાકાર કરવા આગેકૂચ કરી રહ્યું છે ત્યારે સર્વજ્ઞાતિઓ અને સર્વ સમાજને સાથે લઈ અને ખોડલધામ દ્વારા આ સુંદર મજાના કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. આ સેમિનારમાં ૧૫ વર્ષથી લઈને૬૦ વર્ષ સુધીના વ્યક્તિઓ ભાગ લઈ શકે છે. આમ પણ શ્રી ખોડલધામ વિદ્યાર્થી સમિતિ એટલે શ્રી ખોડલધામ ટ્રસ્ટ- કાગવડની યુવા પાંખ છે અને વિદ્યાર્થી એટલે વ્યક્તિના જન્મથી લઈને મૃત્યુ સુધી એ વ્યક્તિ જીવનના દરેક રંગમંચ ઉપર કઈક શીખતો જ આવ્યો છે. એટલા માટે એમને વિદ્યાર્થી કહેવામાં આવ્યો છે.ત્યારે કેડીવીએસની રચના માનનીય નરેશભાઈ પટેલની પ્રેરણાથી અને સંજયભાઈ પાદરીયાના માર્ગદર્શનથી કરવામાં આવી છે. હાલમાં ગુજરાતના અલગ અલગ જિલ્લાઓમાં એમના પ્રતિનિધિત્વ અને હોદ્દેદારોની પણ તાજેતરમાં જ નિમણૂંકો કરવામાં આવી છે. શ્રી ખોડલધામ ટ્રસ્ટ-કાગવડની યુવા પાંખ એક યુવાનનું મજબૂત સંગઠન છે જેમાં સમગ્ર ગુજરાતમાં ૧૦ હજારથી વધુ યુવાનો સંગઠનની અંદર જોડાઈને સેવા કરી સમાજ સેવાથી રાષ્ટ્ર સેવાના સંકલ્પના સાકાર કરી રહ્યા છે. શ્રી ખોડલધામ વિદ્યાર્થી સમિતિ દ્વારા ચલાવવામાં આવનાર કલાસિસમાં અત્યાર સુધી અસંખ્ય વિદ્યાર્થીઓ ખૂબ જ નજીવી ફી અભ્યાસ કરી અને પાસ થઈ અને ગુજરાત સરકારમાં અલગ અલગ જગ્યા ઉપર પોતે ફરજ બજાવી રહ્યા છે.વિશેષ વિદ્યાર્થીઓમાં સેવાના વિચારો પણ રોપણ કરવામાં આવે છે. સાથે સમગ્ર કાર્યક્રમનું લાઈવ શ્રી ખોડલધામના ઓફિશિયલ ફેસબુક પેજ તેમજ કેડીવીએસના ઓફિશિયલ ફેસબુક પેજ youtubeના માધ્યમથી પણ કરવામાં આવનાર છે.સર્વ સમાજને સાથે લઈ અનેશ્રી ખોડલધામ વિદ્યાર્થી સમિતિ રાષ્ટ્ર વિકાસના નિર્માણના સંકલ્પને સાકાર કરવા આગળ વધી રહી છે.

# આદિ જ્યોતિર્લિંગ સોમનાથ મહાદેવના દર્શનાર્થે નાણા મંત્રાલય ભારત સરકારના રાજ્યમંત્રી ડો.ભગવત કરાડ

## પ્રાતઃ સોમનાથ મહાદેવના દર્શન, અભિષેક, સોમેશ્વર પૂજનનો લાભ લઈ ધન્ય બન્યા : ટ્રસ્ટના પુજારી દ્વારા સ્મૃતિ ભેટ આપીને તેઓને સન્માનીત કરાયા



(મીનાક્ષી ભાસ્કર વૈદ્ય દ્વારા)

પ્રભાસ પાટણ, તા.૨૪

ગઈકાલે સવારે નાણા મંત્રાલય ભારત સરકારના રાજયમંત્રી ડો.ભગવત કરાડે સોમનાથ મહાદેવના દર્શન કર્યા, પવિત્ર ગંગાજળનો મંત્રીનો અભિષેક સોમનાથ મહાદેવને કરવામાં આવેલ. મંત્રીએ સોમનાથ મહાદેવની વિવિધ ઉપચારો સાથેની શ્રેષ્ઠ સોમેશ્વર મહાપૂજા કરેલ હતી. તેઓને સ્મૃતિભેટ સાથે સ્વાગત સોમનાથ મહાદેવની છબીથી ટ્રસ્ટના પુજારી દ્વારા કરવામાં આવેલ. મંત્રી આ પ્રસંગે ધન્ય બન્યા હતા. સુંદર વ્યવસ્થા બદલ શ્રી સોમનાથ ટ્રસ્ટનો ખાસ આભાર વ્યક્ત કરેલો હતો.

## દરિયાકાંઠા વિસ્તારમાં રહેતા નાના માછીમારોના રહેણાંકમાં

# ધોવાણ અટકાવવા દિવાલ બનાવવા તેમજ કુદરતી આફત સામે રક્ષણ માટે સાયકલોન સેન્ટર બનાવવા માંગ

## ધારાસભ્ય ભગવાનભાઈ બારડે વડાપ્રધાન તેમજ મુખ્યમંત્રીને રજૂઆત કરી

(ભોળા જાદવ દ્વારા)

લોઢવા, તા.૨૪

ધારાસભ્ય ભગવાનભાઈ બારડેગુજરાતના મુખ્યમંત્રી તેમજ દેશના વડાપ્રધાનને પત્ર લખીને જણાવ્યુંહતું કે અમારા વિસ્તારમાં દરીયા કાંઠે રહેતા નાના માછીમારોનાંકાચાંમકાનોઆવેલા છેઅનેતે વારંવાર આવતા દરીયાઈ તોફાનોસામે મકાનોતથા જમીનનું ધોવાણઅટકાવવા માટે સર્વેકરાવી ખાસ પ્રકારની ડીઝાઈનની દિવાલ નાના માછીમારોના હીતમાં બનાવવામાં આવે તો દરીયાઈ કાંઠાના વિસ્તારમાં રહેતા લોકોને આવનારા સમયમાં ઘણો ફાયદો થાય તેમ છે. દરીયાઈ કાંઠા વિસ્તારમાં આવેલા ગામો જેમાં હીરાકોટ, સુત્રાપાડા, ધામળેજ તેમજ ગીર સોમનાથ જીલ્લામાં આવેલા ગામો માઢવાડ, નવાબંદર, આવી જ રીતે સમ્રગ ગુજરાતમાં નાના બંદરોમાં જરૂરીયાત પ્રમાણે સર્વે કરાવી ખાસ જોગવાઈ કરી દિવાલો બનાવવામાં આવે તો આવનારા સમયમાં નાના માછીમારોને ખુબજ ફાયદો થાય અનેઆવનારી આફતો સામે દુર્ઘટના નીવારી શકાય. વધુમાં જણાવ્યુંહતુંકે, મારા વિસ્તારમાં વારંવાર આવતા સમુદ્રી તોફાનો જેવી કુદરતી આફતો સામે રક્ષણ માટે આદ્રી, કાજલી, બાદલપરા, હીરાકોટ, સુત્રાપાડા, લોઢવા, ધામળેજજેવા ગામોમાં તેમજ ખાસ કરીને નાના બંદરો તેવી જ રીતે સમગ્ર ગુજરાતમાં દરીયાઈ વિસ્તારમાં સર્વે કરાવી ખાસ બજેટમાં જોગવાઈ કરી સાઈકલોન શેલ્ટર બનાવી આપવામાં આવે તેમજ હાલમાં આવેલ બીપરજોય વાવાઝોડામાં સરકારે બનાવેલા સાઈકલોન શેલ્ટર ખુબજ ઉપયોગમાં આવેલ હોય જેને લીધે કોઈ દુર્ઘટના સામે આવેલી નથી જેથી સર્વેકરાવી જરૂરીયાત મુજબ સાઈકલોન શેલ્ટર બનાવવામાં આવે તેવી ધારાસભ્ય ભગવાનભાઈ બારડે રજૂઆત કરી હતી.



બાળકોની શાળાની ફીના કારણે મારા દાગીના અને સાડીના ખર્ચ ઉપર કાપ મુકવો પડયો ! બોલો ?



મારા પતિ તો વગર ફીએ ભણ્યાને આજે દેશના સક્ષમ કૌભાંડીયા નેતા પણ બન્યા !

## વિદેશોમાં ભારતીય કંપનીઓ ઉપર સવાલો થતાં સરકાર જાગી

# દેશની ૧૧ ફાર્મા કંપનીઓને ઉત્પાદન બંધ કરવા આદેશ

## બે ફાર્મા કંપની બંધ : છેલ્લા ૬ મહિનામાં દેશની ૧૩૪ દવા કંપનીઓ ઉપર નિરિક્ષણ કરવામાં આવ્યું

નવી દિલ્હી, તા.૨૪


વિદેશોમાં ભારતીય કંપનીઓ પર અનેક સવાલો ઉભા થયા પછી કેન્દ્ર સરકાર સફાળી જાગી કાર્યવાહી શરુ કરી છે. સરકાર તરફથી દવાઓની ગુણવતા ચકાસવાને લઈને એક નવું અભિયાન શરુ કરવામાં આવ્યું છે. છેલ્લા ૬ મહિનાઓમાં દેશની ૧૩૪ દવા કંપનીઓ પર નિરિક્ષણ કરવામાં આવ્યું છે. સરકાર તરફથી સૌથી મોટી કાર્યવાહી હિમાચલ પ્રદેશમાં કરવામાં આવી છે હિમાચલ પ્રદેશમાં અત્યાર સુધી ૨૬ કંપનીઓને કારણ બતાવો નોટીસ આપવામાં આવી છે. તો ૧૧ કંપની પર ઉત્પાદન સ્ટોપ કરવાનો ઓર્ડર આપવામાં આવ્યો છે અને તેના પછી અન્ય બે ફાર્મા કંપનીને બંધ કરવામાં આવી છે. કેન્દ્રીય સ્વાસ્થ્ય મંત્રાલયના ઉચ્ચ અધિકારી સુત્રોના જણાવ્યા પ્રમાણે વિદેશોમાં ભારતીય દવાઓ પર સવાલ ઉભા થતા ડીસીજીઆઈ અને સ્ટેટ ડ્રગ રેગ્યુલેટરે ઉત્પાદકોની ગુણવતાના પરિક્ષણને લઈને એક અભિયાન શરુ કરવામાં આવ્યુ છે. તેના વિશે અલગ- અલગ રીતે તપાસ કરી અત્યાર સુધી ૧૩૪ દવા કંપનીઓનું ઈન્સ્પેકશન કરવામાં આવ્યું હતું. જેમા હિમાચલ પ્રદેશની ૫૧, ઉત્તરાખંડના ૨૨, મધ્યપ્રદેશની ૧૪, ગુજરાતની ૯, દિલ્હીની ૫, તમિલનાડુના ૪, પંજાબની ૪, હરિયાણાની ૩, રાજસ્થાનની -૨, કર્ણાટકની -૨ કંપનીઓનો સમાવેશ થાય છે. આ ઉપરાંત પશ્ચિમ બંગાળ, તેલંગાના, પોંડુચેરી, કેરળ, જમ્મુ, સિક્કિમ, આંધ્રપ્રદેશ, મહારાષ્ટ્ર અને ઉત્તારપ્રદેશની ૧-૧ દવા કંપનીઓ પર ઈન્સ્પેકશન કરવામાં આવ્યું હતુ. હિમાચલ પ્રદેશની ૨૬ યુનિટને કારણ બતાવો નોટીસ આપવામાં આવી છે. તેમજ ૧૬ કંપનીને એસપીઓ(સ્ટોપ પ્રોડક્શન ઓર્ડર) નો આદેશ આપવામાં આવ્યો છે. જો કે ૫ કંપનીઓ પર આ ઓર્ડર હટાવી લેવામાં આવ્યો છે. અને હાલમાં ૧૧ ડ્રગ્સ કંપની પર એસપીઓ (સ્ટોપ પ્રોડકશન ઓર્ડર) લાગુ છે.

## ભાજપની વાયનાડ સીટ ઉપર 'મોદી મિત્ર' યોજના

# રાહુલ ગાંધીને રાજકીય રીતે હરાવવા માટે જબરદસ્ત રીતે ચક્રવ્યુહ

નવીદિલ્હી,તા.૨૪

ભાજપે આવનારી લોકસભાની ચૂંટણી માટે તૈયારીઓ આરંભી દીધી છે. રાહુલ ગાંધીની યાત્રા બાદ ભાજપ કોઈ ચાન્સ લેવા નથી માગતી અને સાઉથમાં પોતાની પગદંડો જમાવવા માટે ભાજપ કમર કસી રહી છે. અમેઠીમાં રાહુલ ગાંધીને હાર આપ્યા બાદ હવે ભાજપે વાયનાડ સીટ પર ફોકસ શરૂ કર્યું છે. એમ કહી શકાય કે ભાજપે ૨૦૨૪ લોકસભાની ચૂંટણીમાં રાહુલ ગાંધીને જમીનદોસ્ત કરવા માસ્ટર પ્લાનને અમલમાં મુકવા માટે શરૂઆત કરી છે. રાહુલ ગાંધીની વાયનાડ સીટને કબજે કરવા માટે હવે ૨૦૨૪ની લોકસભા ચૂંટણી પર ભાજપની નજર છે. આ બેઠકની વાત કરીએ તો ૬૬ લઘુમતી કોમ્યુનિટી ધરાવતી લોકસભા બેઠક આમા સામેલ થાય છે. ભાજપને ૨૦૧૯ની ચૂંટણીમાં સફળતા મળી હતી અને આ જ કારણ છે કે ૨૦૨૪માં પણ ભાજપ રાહુલ ગાંધી વિરુદ્ધ રાજકીય પ્લાન બનાવી રહી છે જેથી કરીને તેમને પોતાના ગઢમાં જ હરાવવામાં સફળતા મળે તે માટે પ્રયત્નો હાથ ધર્યા છે. ૨૦૧૪માં ભાજપે ગાંધી પરિવારનો ગઢ ગણાતી અમેઠી બેઠક પરથી રાહુલ ગાંધી સામે સ્મૃતિ ઈરાનીને મેદાનમાં ઉતાર્યા હતા. સ્મૃતિ ઈરાની ભલે રાહુલ પાસેથી ૨૦૧૪ની ચૂંટણી જીતી ન શક્યા હોય, પરંતુ ટક્કર આપવામાં સફળ રહ્યા. હાર બાદ પણ ભાજપે સ્મૃતિ ઈરાનીને કેન્દ્રીય મંત્રી બનાવીને અમેઠીમાં તેમની સક્રિયતા જાળવી રાખી હતી. અમેઠીમાં રાહુલની હાર એ કોંગ્રેસ અને ગાંધી પરિવાર બંને માટે રાજકીય આંચકો હતો, કારણ કે ૧૯૭૭ પછી પહેલીવાર ગાંધી પરિવારના સભ્યને અમેઠીમાં હારનો સામનો કરવો પડ્યો હતો. ૧૯૭૭ માં, સંજય ગાંધી જનતા પાર્ટીના ઉમેદવાર દ્વારા હરાવ્યા હતા, પરંતુ ત્યારથી સંજય ગાંધીથી લઈને રાજીવ ગાંધી, સોનિયા ગાંધી અને રાહુલ ગાંધી જ્યારે પણ ચૂંટણી લડ્યા ત્યારે તેઓ જીત્યા હતા. ૨૦૦૪થી ૨૦૧૪ સુધી રાહુલ ગાંધી સતત ત્રણ વખત અમેઠીથી જીતીને લોકસભામાં પહોંચ્યા, પરંતુ ૨૦૧૯માં તેમને હારનો સામનો કરવો પડ્યો. રાહુલ ગાંધીને ૨૦૧૯ની લોકસભા ચૂંટણીમાં અમેઠીની સાથે વાયનાડ સીટથી પણ ચૂંટણી લડવાનો ફાયદો થયો હતો. રાહુલ વાયનાડ બેઠક પરથી જીત્યા હતા, પરંતુ હવે તેમની લોકસભાની સદસ્યતા સમાપ્ત થઈ ગઈ છે. આવી સ્થિતિમાં વાયનાડ બેઠક ખાલી પડી છે, જેના પર ભાજપની નજર છે. ભાજપની રણનીતિ કોંગ્રેસને તેના જ મજબૂત કિલ્લામાં ઘેરી રાખવાની છે. આ માટે ભાજપ તેના મુસ્લિમ નેતાઓની મુલાકાત લઈને વાયનાડ ક્ષેત્રના મુસ્લિમોનું દિલ જીતવા માંગે છે. વાયનાડ સીટ પર રાહુલ ગાંધીને રાજકીય રીતે હરાવવા માટે ભાજપે માસ્ટર પ્લાન તૈયાર કર્યો છે જેને લઈને તાજેતરમાંજ ભાજપના લઘુમતિ નેતા જમાલ સિદ્દીકી બે વખત વાયનાડની મુલાકાતે આવ્યા છે. જમાલ સિદ્દીકી વાયનાડમાં મુસ્લિમોમાં ભાજપનો દબદબો બનાવવાની રણનીતિ પર કામ કરી રહ્યા છે. આ મહેનતમાં પૂર્વ કેન્દ્રીય મંત્રી અને




ભાજપનો મુસ્લિમ ચહેરો મુખ્તાર અબ્બાસ નકવી પણ સામેલ છે. આ રીતે ભાજપે લઘુમતિ કાર્ડથી જ બેઠકને કબજે કરવા માટેનો વ્યુહ અપનાવ્યો છે. ભાજપ એવા લોકોને 'મોદી મિત્ર' બનાવી રહી છે, જેઓ પાર્ટી સાથે સીધા જોડાયેલા નથી પરંતુ મોદી સરકારના કામથી પ્રભાવિત છે. પ્રોફેશનલ્સ, યુનિવર્સિટીના પ્રોફેસરો, બૌદ્ધિકો અને બિઝનેસમેન મુસ્લિમો છે. ભાજપ વાયનાડ સીટ પર 'મોદી મિત્ર' યોજના દ્વારા ૫૦૦૦ સક્રિય લઘુમતી સમુદાયના કાર્યકરોની ટીમ તૈયાર કરી રહી છે જેથી કોંગ્રેસને પાયાના સ્તરે પડકારી શકાય.

# ૨૬ જૂન નશીલા દ્રવ્ય વિરોધી દિવસ- love life... hate drugs... "Say yes to life, No to Drugs"

## રાજકોટ જિલ્લામાં 'નશામુકત ભારત' કેમ્પેઈન અન્વયે વ્યસનમુકતિ રથ, લોકડાયરા, નાટકો, મ્યુઝિકલ ઈવેન્ટ તથા શાળા કોલેજોમાં ચિત્ર-વકતૃત્વ-નિબંધસ્પર્ધાનું આયોજન




શાળા – કોલેજોની ૧૦૦ મીટરના હદમાં પાન, ગુટખા, સિગારેટનુ વેચાણ થતું હોય તો પોલીસને જાણ કરી વેચાણ બંધ કરાવવામાં શિક્ષણ વિભાગ રાખે છે તકેદારી

## નશાનું દૂષણ દૂર કરવા રાજય સરકારની પ્રતિબધ્ધતા; સીમા પારથી ઘુસાડાતા માદક દ્રવ્યોમાં સંડોવાયેલા લોકો માટે રાજય સરકારે બનાવ્યો વિશેષ અધિનિયમ

નશો એટલે કોઈ પણ નુકશાનકારક માદક દ્રવ્યનું નિયમિત સેવન. ખાઈને, સુંઘીને તથા ઈંજેકટ કરીને નશો થઈ શકે છે. નશામાં દારૂ, ગુટખા, તમાકુ, બીડી, સિગરેટ, છિંકણી બજર, ડ્રગ્સનો સમાવેશ થાય છે. નશો કરવાથી માણસ શારીરિક અને માનસિક રીતે ખતમ થતો જાય છે. કેન્સર જેવી બીમારીઓ આવી શકે, પરિવારની આર્થિક અને સામાજિક સ્થિતિ કફોડી બને છે, નશાથી બંધાયેલ વ્યકિત તેની જરૂરિયાત પૂરી કરવા કોઈ પણ અસામાજિક પ્રવૃતિ સાથે જોડાઈ શકે, નશો માણસને ભાન ભુલાવી પરિવારનું જીવન બગડે છે.

છેલ્લા એક વર્ષથી વધુ સમયમાં માદક દ્રવ્યો સામે રાજયવ્યાપી કાર્યવાહી કરી રાજયસરકારે હજારો કરોડના માદક દ્રવ્યો ઝડપીને આ નેટવર્કની કમર તોડી નાખી છે. ગુજરાતના યુવા વર્ગને નશાથી દૂર રાખવા માટે પોલીસ કાર્યવાહીમાં સીમા પારથી ઘુસાડાતા માદક દ્રવ્યોમાં લોકલ નેટવર્કમાં સંડોવાયેલા લોકો સામે ખાસ કાનૂન બનાવીને મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલના માર્ગદર્શન હેઠળ તથા ગૃહમંત્રી હર્ષ સંઘવીએ ગુજરાતમાં વ્યસનનું પ્રમાણ ઓછુ કરવામાં મહત્વનું યોગદાન આપ્યું છે. ભારત સરકારના સામાજિક ન્યાય અધિકારિતા મંત્રાલય તથા ગુજરાત સરકારના સામાજિક અને ન્યાય અધિકારીતા વિભાગ દ્વારા જિલ્લા વહિવટી તંત્રના ઉપક્રમે 'નશામુકત ભારત' કેમ્પેઈનનું અમલીકરણ કરવામાં આવે છે. આ માટે જિલ્લા કલેકટર પ્રભવ જોષીના અધ્યક્ષસ્થાને "ડિસ્ટ્રિકટ લેવલ નશા મુકત કેમ્પેઈન કમિટિ" બનાવાઈ છે, જેના સભ્ય સચિવ જિલ્લા સમાજ સુરક્ષા અધિકારી છે. આ કમિટિમાં સંબંધિત સરકારી વિભાગના અધિકારીઓ તથા સ્વૈચ્છિક સંસ્થાઓના પ્રતિનિધિઓ સહિત ૨૪ જેટલાં સભ્યો હોય છે. વિરનગરની શિવાનંદ મિશન ટ્રસ્ટ સંચાલિત વ્યસનમુકિત હોસ્પિટલ, રાજકોટનું નવજીવન ટ્રસ્ટ વગેરે આ કમિટીના સભ્યો છે. રાજકોટ પોલીસ ગેરકાયદેસર રીતે હેરફેર થતાં લાખો રૂપિયાના ડ્રગ્સ અને દારૂનો નાશ કરે છે, જેથી યુવાનો આ કેફીપદાર્થોના સેવનથી બચી શકે. નાર્કોટીક્સની ગેરકાયદેસર પ્રવૃત્તિઓ અટકાવવા માટે રાજકોટ શહેર પોલિસ કમિશનરેટ વિસ્તારની "નાર્કો કો-ઓર્ડીનેશન સેન્ટર-એનકોર્ડ" કમીટીની મીટીંગ રાજકોટ પોલીસ કમિશ્નર રાજુ ભાર્ગવના અધ્યક્ષસ્થાને નિયમિત રીતે યોજાતી હોય છે. જેમાં **"Say yes to life, No to Drugs"** અભિયાન પોલીસ વિભાગ દ્વારા જપ્ત કરાયેલા નશીલા પદાર્થો તથા માદક દ્રવ્યોની કામગીરી, જુદી જુદી કોલેજો શાળાઓમાં કરવામાં આવેલા અવેરનેસ કાર્યક્રમોની માહિતી પ્રેઝન્ટેશન દ્વારા આપવામાં આવે છે. રાજકોટ જિલ્લામાં દરેક સરકારી વિભાગના અધિકારી 'નશામુકત ભારત' કેમ્પેઈન માટે જન જાગૃતિ અભિયાન ચલાવે છે. દરેક ગામ અને શહેરમાં શાળા – કોલેજોના ૧૦૦ મીટરના હદમાં પાન, ગુટખા, સિગારેટનુ વેચાણ થતું અટકાવવા પોલીસ તકેદારી રાખે છે. વ્યસનમુકતિ રથ, લોકડાયરા, નાટકો, મ્યુઝિકલ ઈવેન્ટ દ્વારા નશામુક્તિ અભિયાન વેગવંતુ કરવામાં આવી રહયુ છે. શાળા –કોલેજ કે સંસ્થામાં "નો ટોબેકો ડે"ની ઉજવણી વિદ્યાર્થીઓ-સ્ટાફને મોટીવેટ કરે છે. વ્યસન છોડાવવા માટે મનોચિકિત્સકો દ્વારા કાઉન્સેલીંગ, વિરનગરની વ્યસનમુકિત હોસ્પિટલ, બી.એ.પી.એસ. જેવી સંસ્થાઓ ઉપયોગી સાબિત થઈ રહયા છે. રાજકોટ જિલ્લામાં ૧૫ ઓગષ્ટ ૨૦૨૦માં પ્રજાસતાક દિને નશામુકત ભારત કેમ્પેઈન લોંચ થયુ હતું, જેમાં જિલ્લા સમાજ સુરક્ષા કચેરી દ્વારા ચિલ્ડ્રન હોમ, અને ઓબ્ઝર્વેશન હોમના બાળકોને વેબીનાર થકી નશા અને ન્યુરો સાયન્સ ઓફ એડિકશન વિષય ઉપર જાણકારી અપાઈ હતી. આ ઉપરાંત આંતર રાષ્ટ્રીય ડ્રગ્સ વિરોધી દિવસ, સાક્ષરતા દિવસ, શિક્ષક દિન, વિજ્ઞાન દિન, હિન્દી દિવસ, વિશ્વ દર્દી સલામતી દિવસ, બ્રેઈલ દિન, અહિંસા દિવસ, વિકલાંગ દિવસ, ભ્રષ્ટાચાર વિરોધી દિવસની ઉજવણીમાં પણ આ અભિયાનને જોડી દેવાયુ છે. તેમજ કલેકટરશ્રીએ જાહેર સ્થળોએ પેમ્પલેટનું વિતરણનો શુભારંભ કરાવી આ અભિયાન વેગવંતુ કર્યુ હતું. રાજકોટ જિલ્લાના દસ તાલુકાઓમાં વ્યસન મુકતિ રથ ફેરવીને રથ લોક ડાયરો કરી પેમ્પલેટ વિતરણ કરી નશાથી થતી નુકશાનીની જાણકારી લોકોને અપાઈ હતી. તેમજ જાહેર સ્થળોએ કઠપૂતળીના કાર્યક્રમો પણ કરાયા છે. નશાનું સામાજિક દૂષણ દૂર કરવા અને સામાજિક સહભાગિતા વધારવા જસદણ તાલુકાના વીરનગરની શિવાનંદ મિશન ટ્રસ્ટ સંચાલિત વ્યસનમુકિત હોસ્પિટલ ૦૨૮૧- ૨૮૩૭૩૧/૩૦/૨૭ તથા જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીની કચેરી, બહુમાળી ભવન, ગ્રાઉન્ડ ફલોર, બ્લોક નં.૫ ખાતે ફોન નં.૦૨૮૧-૦૨૪૫૮૫૯૦ સંપર્ક કરી શકાય છે. સંકલન-પારૂલ આડેસરા, સિનિયર સબ એડિટર, રાજકોટ

## સુત્રાપાડાના ધામળેજ ગામે સમસ્ત ખારવા સમાજનો ૧૦ મો સમૂહ લગ્ન યોજાયો



(જાદવ ભોળા દવારા)

લોઢવા તા. ૨૪

ધામળેજ ગામે સમસ્ત ખારવા સમાજ દ્વારા તા.૨૨થી તા.૨૩ દરમ્યાન સમુહ લગ્નોત્સવનું આયોજન કરાયેલું હતું. જેમાં ૧૧નવદંપતિઓએ પ્રભુતામાં પગલા માંડેલ હતા. સમુહ લગ્ન સમારોહનાં આયોજન સફળ બનાવવા સમાજનાં પટેલ ગણેશભાઈ સીદીભાઈ દરી આગેવાની હેઠળ પાંચ આગેવાનો, યુવાનો સહિતનાં જ્ઞાતિજનોએ જહેમત ઉઠાવેલ હતી. આ કાર્યક્રમમાં તાલાળાના ધારાસભ્ય ભગવાન બારડ. જિલ્લા પંચાયતના સદસ્ય અરશીભાઈ ચાવડા જાદવ ભોળા તેમજ બહારગામ ખારવા સમાજનાં પટેલ તેમજ મુળદ્વારકા, ધામળેજ, સુત્રાપાડા સહિત ગામ ખારવા સમાજનાં પટેલો, આગેવાનો સહિતનાઓએ હાજર આપી નવદંપતિઓને આશીર્વચન પાઠવેલા હતાં.

### ગાંધીનગરના કમલમ ખાતેથી ભાજપે જનસંપર્ક યાત્રા શરૂ કરી

## ભાજપ આજથી ૭ દિવસ ગુજરાતની ૨૬ લોકસભા મત વિસ્તારોમાં ફરશે



### જનસંપર્કથી જનસમર્થન સ્લોગન સાથે મીસકોલ મારો અને ભાજપમાં જોડાઓ કેમ્પેઈન શરૂ કરાયું

ગાંધીનગર,તા.૨૪

કેન્દ્ર સરકારના ૯ વર્ષના પરીપ્રેક્ષ્યમાં અનેક કાર્યક્રમો ચાલી રહ્યા છે, ત્યારે ગાંધીનગરના કમલમ ખાતેથી ભાજપે જનસંપર્ક યાત્રા શરૂ કરી છે. ભાજપ દ્વારા જનસંપર્કથી જનસમર્થન સ્લોગન સાથે મીસકોલ મારો અને ભાજપમાં જોડાઓ કેમ્પેઈન શરૂ કરવામાં આવ્યુ છે. આ માટે ભાજપ દ્વારા ગાડી તૈયાર કરવામાં આવી છે. બક્ષીપંચ મોરચા દ્વારા એક કેમ્પેઈન ચલાવવામાં આવી રહ્યુ છે. ૨૬ લોકસભા પ્રમાણે ૨૬ ગાડીઓને ગાંધીનગરના કમલમ ખાતેથી સી આર પાટીલ દ્વારા ફલેગ ઓફ કરવામાં આવશે. જે પછી યાત્રા સાત દિવસમાં અલગ અલગ લોકસભા વિસ્તારમાં ફરશે. આ ગાડીઓ વિવિધ વિસ્તારમાં ફરી લોકો સુધી ઘરે ઘરે મોદી સરકારની કામગીરી અને યોજનાઓ પહોંચાડાશે. ૨૦૨૪ની લોકસભાની ચૂંટણી પહેલા ગ્રાઉન્ડ મજબૂત કરવા ભાજપ એક્ટિવ છે. ગુજરાતમાં લોકસભાની ૨૬ માંથી ૨૬ બેઠકો ફરી એકવાર જીતવા ભાજપ સક્રિય છે. ઘર ઘર સંપર્ક માટે ભાજપ દ્વારા રણનીતિ ઘડવામાં આવી છે. ભાજપ હજારો કાર્યકરોને ગ્રાઉન્ડમાં સંપર્ક માટે ઉતારશે. ૫૧,૯૩૧ કાર્યકરો ગ્રાઉન્ડમાં જવા માટે ભાજપે રણનીતિ તૈયાર કરી છે. ૫૧,૯૩૧ વિસ્તારો ૧૮૨ વિધાનસભામાં પ્રવાસ ખેડશે. તો ૨૫,૨૬ અને ૨૭ જૂને વિસ્તારકો ગ્રાઉન્ડમાં જશે. ૨૦૧૯માં ભાજપે આપેલા મેનિફેસ્ટો મુજબના થયેલા કામો અંગે પ્રચાર કરશે. વિસ્તારકો ભાજપના ૯ વર્ષમાં થયેલા કાર્યોના રિપોર્ટની પત્રિકા વહેંચશે.

## આદિજાતિ બાળકો માટે EMRS સ્કૂલ બની 'સર્વાંગી વિકાસનું પ્લેટફોર્મ'

### ગુજરાતમાં પાંચ વર્ષમાં ધો.૬ થી ૧૨ના ૬૭,૦૦૦થી વધુ આદિજાતિ બાળકોએ એકલવ્ય મોડેલ રેસિડેન્સિયલ સ્કૂલ્સમાં વિના મૂલ્યે શિક્ષણનો લાભ લીધો : શિક્ષણ પાછળ પાંચ વર્ષમાં રૂા. ૫૯,૬૨૮ લાખની ગ્રાન્ટ ફાળવાઈ :ચાલુ વર્ષના બજેટમાં વિવિધ શૈક્ષણિક હેતુ માટે કુલ રૂા.૬૬૭ કરોડની જોગવાઈ ડાંગ જિલ્લો સૌથી વધુ એકલવ્ય મોડેલ રેસિડેન્સિયલ સ્કૂલ્સ સાથે ગુજરાતમાં પ્રથમ ક્રમે

(જી.એન.એસ),તા.૨૪

કેન્દ્ર સરકારની જવાહર નવોદય વિદ્યાલયની પેટર્ન પર આધારિત એકલવ્ય મોડેલ રેસિડેન્સિયલ સ્કૂલ્સ **(EMRS)**માં ગુજરાતમાં છેલ્લા પાંચ વર્ષમાં ધોરણ ૬ થી ૧૨ના ૬૭,૦૦૦ થી વધુ આદિજાતિ બાળકો વિનામૂલ્યે ગુણવત્તાયુક્ત શિક્ષણનો લાભ આપવામાં આવ્યો છે. આ માટે વર્ષ ૨૦૧૮-૧૯ થી ૨૦૨૨-૨૩ સુધી છેલ્લા પાંચવર્ષમાં કેન્દ્ર દ્વારા રૂ.૪૪,૧૪૨ લાખ અને ગુજરાત સરકાર દ્વારા રૂ. ૧૫,૪૮૬ લાખ એમ કુલ રૂા. ૫૯,૬૨૮ લાખની માતબર રકમ ફાળવવામાં આવી છે. આ ઉપરાંત મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વમાં આદિજાતિ બાળકોને શ્રેષ્ઠ શિક્ષણ મળી રહે તેવા હેતુથી ચાલુ વર્ષના ગુજરાત બજેટમાં પણ વિવિધ શૈક્ષણિક હેતુ માટે કુલ રૂ. ૬૬૭ કરોડની જોગવાઈ કરવામાં આવી છે. વર્ષોથી ઉચ્ચ શિક્ષણ સાથે સંકળાયેલા ગુજરાતના આદિજાતિ વિકાસ મંત્રી ડૉ.કુબેરભાઈ ડિંડોરના સતત માર્ગદર્શનમાં શૈક્ષણિક વર્ષ ૨૦૨૨-૨૩માં ગુજરાતમાં કેન્દ્ર સરકાર સંચાલિત ૩૪ **EMRS** શાળાઓમાં ૫,૩૮૦ કુમાર અને ૫,૭૭૬ કન્યાઓ શિક્ષણ લઈ રહી છે. જયારે ગુજરાત સરકાર સંચાલિત ૧૦ ઈસ્ઈજી શાળાઓમાં ૧,૩૨૭ કુમાર અને ૨,૫૭૪ કન્યાઓ વિનામૂલ્યે નિવાસી શિક્ષણ મેળવી રહી છે. આ આદિજાતિ વિદ્યાર્થીઓને ઉત્તમ કક્ષાની સુવિધા ઉપલબ્ધ થાય તે હેતુથી કેન્દ્ર સરકાર દ્વારા સંચાલિત સ્કૂલમાં પ્રતિ વિદ્યાર્થી દીઠ વાર્ષિક રૂા.૧,૦૯,૦૦૦ જયારે ગુજરાત સરકાર સંચાલિત શાળાઓમાં પ્રતિ વિદ્યાર્થી વાર્ષિક રૂા. ૭૦,૦૦૦ રિકરીંગ ગ્રાન્ટ શિક્ષણ પાછળ પ્રતિ વિદ્યાર્થીદીઠ ખર્ચ કરવામાં આવે છે. જેમાં આદિજાતિ વિદ્યાર્થીઓને નિશુલ્ક પાઠ્યપુસ્તક, ગણવેશ, સ્ટેશનરી, ગુણવત્તાયુકત ભોજન, વોકેશનલ તાલીમ, શૈક્ષણિક પ્રવાસ, કમ્પ્યુટર શિક્ષણ અને રમત-ગમત સહિતની સુવિધાઓ આપવામાં આવે છે. રાજ્યનો કોઈપણ વર્ગ વિકાસની મુખ્યધારામાં પાછળ રહી ન જાય તેવા સર્વ સમાવેશી-સર્વગ્રાહી –અભિગમ સાથે ગુજરાત સરકારે વિવિધ પ્રજાલક્ષી યોજનાઓ અમલી બનાવી છે. રાજ્યના આદિજાતિ વિદ્યાર્થીઓ રાજ્યકક્ષાની વિવિધ પરીક્ષાઓ દ્વારા મેરિટના આધારે પ્રવેશ મેળવીને શહેરી અને સામાન્ય જ્ઞાતિના વિદ્યાર્થી સાથે દરેક ક્ષેત્રે હરીફાઈ કરવા વધુ સક્ષમ બને તેવા ઉમદા હેતુથી એકલવ્ય મોડેલ સ્કૂલનો પ્રારંભ કરવામાં આવ્યો છે. જે આદિજાતિ બાળકોની ઉજ્જવળ કારકિર્દી માટે આશીર્વાદ સમાન છે. આજ અભિગમને અનુસરીને કેન્દ્ર સરકારની જવાહર નવોદય વિદ્યાલયની પેટર્ન પર ગુજરાત સરકારે આદિજાતિના વિદ્યાર્થીઓ માટે વિવિધ જિલ્લાઓમાં એકલવ્ય મોડેલ રેસિડેન્સિયલ સ્કૂલ્સ શરૂ કરી છે. જેમાં પ્રતિશાળા દીઠ ૪૮૦ની ક્ષમતા સાથે ધોરણ ૬ થી ૧૨ના વિદ્યાર્થીઓને વિનામૂલ્યે આવાસીય સુવિધા સાથેનું ઉચ્ચ ગુણવત્તાયુક્ત શિક્ષણ ઉપલબ્ધ કરાવવામાં આવે છે.

## ધોરાજી તાલુકાનાં શહેરો વિસ્તારમાં જંત્રી રીવીઝન સર્વેની કામગીરી હાથ ધરાશે

રાજકોટ, તા. ૨૪

ધોરાજી તાલુકાના શહેરી વિસ્તારમાં તા.૨૬ જૂનથી ૧૦ જૂલાઈ સુધી "જંત્રી રીવીઝન સર્વે-૨૦૨૩"ની કામગીરીનો પ્રારંભ થશે. જયારે ધોરાજીના ગ્રામીણ વિસ્તારમાં "જંત્રી રીવીઝન સર્વે-૨૦૨૩"ની ૧૦૦ ટકા કામગીરી પૂર્ણ થઈ છે. જંત્રી રી-સર્વે અન્વયે શહેરી વિસ્તારમાં સર્વેની કામગીરી મોબાઈલ એપ્લીકેશનથી કરવાની હોય તે માટ્રૈીઢીટ મારફત રાજયકક્ષાની તાલીમનું આયોજન સ્ટેમ્પ ડ્યૂટી વિભાગ દ્વારા કરવામાં આવ્યુ હતું, જેમાં ધોરાજી મામલતદારશ્રી એમ.જી.જાડેજા, ચીફ ઓફિસરશ્રી જે.વી. મોઢવાડિયા તથા રી-સર્વે ટીમના તમામ સભ્યો ઉપસ્થિત રહ્યા હતા. અત્રે ઉલ્લેનીય છે કે રાજય સરકારની "જંત્રી રીવીઝન સર્વે-૨૦૨૩"ઝુંબેશ અન્વયે રાજકોટ જિલ્લામાં કલેકટરશ્રી પ્રભવ જોશીના માર્ગદર્શન હેઠળ મામલતદારશ્રીઓ દ્વારા નેશનલ તથા સ્ટેટ હાઈવે, નદી કિનારા, તાલુકા હેડ કવાર્ટર, પહાડી વિસ્તાર, ઉદ્યોગો/કોલેજ ધરાવતા ગામો વગેરેનાં ગામ-તાલુકા વાઈઝ કલસ્ટર બનાવી એક ટેક્નીકલ કર્મચારી અને સુપરવાઈઝર તરીકે નાયબ મામલતદાર/વિસ્તરણ અધિકારી મળી અંદાજિત ૩૦૦ કર્મચારીઓની કુલ ૯૫ ટીમો દ્વારા રાજકોટ જિલ્લાના ૧૧ તાલુકાઓનાં ૫૪૬ ગામોમાં જંત્રી રીવીઝનની કામગીરી તા. ૧૫ મે થી ૨૯ મે સુધીમાં પૂર્ણ કરાઈ છે. આ કામગીરીની ડેટા એન્ટ્રી પૂર્ણ થયા બાદ પ્રાંત અધિકારીશ્રી દ્વારા ચકાસણી કરી જિલ્લા કક્ષાએથી સ્ટેમ્પ ડ્યુટી મૂલ્યાંકન તંત્ર અને કલેકટર કચેરી દ્વારા ચકાસણી કરવામાં આવશે, જે પૂર્ણ થયેથી રાજય કક્ષાએ સરકારશ્રીને અહેવાલ મોકલાશે.

## મારવાડી યુનિવર્સિટી રાજકોટ ખાતે રોડ સેફટી અવેરનેસ કાર્યક્રમ યોજાયો

રાજકોટ, તા. ૨૪

ટ્રાફિક જાગૃતિ અભિયાન અંતર્ગત મારવાડી યુનિવર્સિટી ખાતે રોડ સેફટી અવેરનેસનો કાર્યક્રમ યોજાયો હતો. જેમાં યુનિવર્સિટીના બસ ડ્રાઈવરને તાલીમ આપવામાં આવી હતી. સાથે જ વાહન ચલાવતી વખતે હંમેશા સીટ બેલ્ટ પહેરવા અને તેની જરૂરિયાત, વાહનનું ફિટનેસ કરાવવું અને તેની જરૂરિયાત, આગ લાગે તે સમયે રાખવાની તકેદારી, વાહન ચલાવતી વખતે ધ્યાન રાખવાના મુદ્દાઓ, હંમેશા ટ્રાફિકના નિયમોનું પાલન કરવા વગેરે વિષે સમજ આપવામાં આવી હતી. આ કાર્યક્રમમાં ટ્રાફિક ડીસીપી પૂજા યાદવ, એસીપી જે.બી.ગઢવી અને પ્રાદેશિક વાહન વ્યવહાર અધિકારી કે.એમ.ખપેડ દ્વારા ટ્રાફિકના નિયમોની સમજ આપી ડ્રાઈવર તથા વિધ્યાર્થીઓને નિયમપાલન માટે હિમાયત કરવામાં આવી હતી. વીસ વર્ષીય રાહુલ ઉગરેજીયા જણાવે છે કે હું સુરેન્દ્રનગરનો વતની છું. મારા પિતા રીક્ષાચાલક છે. મારા ઘરની આર્થિક પરિસ્થિતિ નબળી છે તેમજ ઉચ્ચતર અભ્યાસ કરવા અમે આર્થીક રીતે અસમર્થ છીએ. ધોરણ ૧૨ પછીના અભ્યાસ બાદ સરકારશ્રીની આ યોજના થકી ડોમેસ્ટિક ડેટા એન્ટ્રી ઓપરેટર તરીકે મેં ત્રણ મહિનાની નિઃશુલ્ક તાલીમ મેળવી છે. મારા જેવા ગ્રામ્યકક્ષાના છેવાડાના વિદ્યાર્થીઓ આ યોજના થકી ઉચ્ચતર અભ્યાસ કરી શકે છે તેમજ મને મારામાં રહેલું કૌશલ્ય ઉજાગર કરવાનું યોગ્ય માધ્યમ મળ્યું છે. આજના નિમણુક પત્રક મેળવ્યા બાદ હું ખાનગી કંપનીમાં ડેટા એન્ટ્રી ઓપરેટર તરીકે કાર્યરત થઈને. હું મારા પરિવારને આર્થીક રીતે મદદરૂપ બનીશ તેનો મને ગર્વ છે. વધુમાં તેમણે જણાવ્યું કે, સરકારશ્રી દ્વારા અમલીકૃત વિવિધ યોજનાઓ અને જોબમેળાઓ મારા જેવા ગ્રામ્ય તથા શહેરમાં પણ આર્થીક રીતે નબળા વિદ્યાર્થીઓની કારકિર્દીને યોગ્ય દિશા આપે છે.

### ખંભાળિયામાં ૫૧ વિદ્યાર્થીનીઓને વિના મૂલ્યે સંપૂર્ણ શિક્ષણ સહાય

(પ્રતિનિધિ દ્વારા)

જામ ખંભાળિયા, તા. ૨૪

ખંભાળિયાના જાણીતા સેવાભાવી તબિબ ડો. અમિત નકુમ દ્વારા તેમના માતૃશ્રી જયાબેન નરોત્તમભાઈ ચેરીટેબલ ટ્રસ્ટ મારફતે દેવભૂમિ દ્વારકા જિલ્લાની ૫૧ જેટલી કન્યાઓને શિક્ષણ સહાય આપવામાં આવે છે.

## ખંભાળિયામાં વૈષ્ણવ પરિષદ દ્વારા ત્રણ માસથી ચાલતા છાશ કેન્દ્રની પૂર્ણાહુતિ



(પ્રતિનિધિ દ્વારા)

જામ ખંભાળિયા, તા. ૨૪

ખંભાળિયામાં સલાયા ગેઈટ પાસે આવેલી જૂની અને જાણીતી શ્રી ગોવર્ધનનાથજીની (જૂની) હવેલી ખાતે દર વર્ષે ઉનાળાના ત્રણ માસ છાશ વિતરણ કેન્દ્ર કાર્યરત બની રહે છે. દર વર્ષની જેમ આ વર્ષે પણ ગત તારીખ ૨૩ માર્ચથી આજરોજ શનિવાર તારીખ ૨૪ જૂન સુધી છાશ વિતરણ કેન્દ્ર ચાલ્યું હતું. આ છાસ કેન્દ્રમાં દરરોજ ૧૫૦ જેટલા ગરીબ અને મધ્યમ વર્ગના લોકોને વિનામૂલ્યે ગુણવત્તાસભર છાશ આપવામાં આવી હતી.

આ છાશ કેન્દ્ર માટે અહીંના જાણીતા રઘુવંશી સદગૃહસ્થ અરુણભાઈ જી. બરછા, ચંદ્રેશભાઈ શ્રીમાનકર (લેસ્ટર યુ.કે.), હિતેશભાઈ પ્રાણજીવનભાઈ દતાણી (દતાણી ઓઈલ વાળા) તેમજ હસમુખભાઈ જેઠાલાલ ભટ્ટ સહિતના સેવાભાવી કાર્યકરો દાતાઓ દ્વારા નોંધપાત્ર જહેમત ઉઠાવવામાં આવી હતી. જે બદલ વૈષ્ણવ પરિષદ દ્વારા દાતાઓ સહિત સર્વેની આભારની લાગણી વ્યકત કરવામાં આવી હતી.

